## Veer Narmad South Gujarat University, Surat


Re-accredited by NAAC with 'B++' grade

सत्यम् ज्ञानम् अनन्तम्

# ઈ–દક્ષિણાયન

## Dakshinayan e-Newsletter

For Private Circulation Only



**Vol. 13, Issue. 239, November 2022**


**असतो मा सद्गमय तमसो मा ज्योतिर्गमय।**
**मृत्योर्मामृतं गमय ॐ शान्तिः शान्तिः शान्तिः ॥**

અસત્યમાંથી સત્ય તરફ, અંધકારમાંથી પ્રકાશ તરફ અને અંતમાંથી અનંત તરફ લઈ જવાની અંતમનની પ્રાર્થના પવમાન અત્મયારાંહ બૃહદારણ્યક ઉપનિષદમાં વિદ્યમાન આ મંત્ર અભિવ્યકિત કરે છે.

## દિપે અરુણું પરભાત

**પ્રિય વાચક મિત્રો,**

આપણા જીવનમાં રંગો અને ઉમંગોનું અસ્તિત્વ આપણા તહેવારો, ઉત્સવો અને મેળાવડાઓને લીધે છે. એક ધારું જીવવું કોઈને ગમતું નથી હોતું. વિવિધ પ્રાંતો અને પ્રદેશોના વૈવિધ્યસભર ઉત્સવોની પરંપરાને લીધે ભારત દેશની અનોખી સંસ્કૃતિના આપણે સૌ વાહકો છે અને તેથી જ આ સમૃદ્ધ વારસાને જાળવવાની તથા સંવર્ધિત કરતા રહેવાની આપણા સૌની સહિયારી જવાબદારી છે. આપણા વિશ્વવિદ્યાલયનું પ્રાંગણ પણ આવી જ પરંપરાથી ઉજ્જવળ છે. દેશ–વિદેશથી અહીં શિક્ષણ અને જીવનના પાઠ શીખવા જ્ઞાનપિપાસુઓ આવતા રહે છે અને આપણા પ્રાંગણને અજવાળતા રહે છે. અમારા પ્રયત્નો અને વિદ્યાર્થીઓનો ભરોસો આપણી આ કર્મભૂમિને સદૈવ ઝળહળતી રાખે એવી મનોવાંછના સાથે આપ સૌને વંદન.

અજવાળાની, ઝળહળાટની વાત આવે અને એ પણ ઉત્સવોના સંદર્ભ સાથે ત્યારે મનમાં પહેલી છબી દિવાળીના પર્વની જ આવે. દિવાળીનું પર્વ આપણી ભારતીય સંસ્કૃતિમાં સૌથી વિશેષ અને મહત્વનું પર્વ છે. દેશના તમામ નાગરિકોને હર્ષ, ઉલ્લાસ, આનંદ, પ્રકાશ અને નવા સંકલ્પો તરફ લઈ જતું પર્વ એટલે 'દિવાળી'. આ પર્વમાં કરવાના કર્મોનું અલાયદું મહત્વ છે. દીવડાં પેટાવવા અને સમસ્ત જગતને પવિત્ર તેજથી પ્રકાશમય કરવાનો મર્મ એ છે કે પ્રત્યેક જીવની અંદર પ્રકાશરૂપી પરમાત્મા બિરાજમાન છે. એના તેજથી આપણું જીવન પ્રકાશમય બની રહે તે માટે આપણે સત્કર્મો અને પરિશ્રમનું તેલ આપણા દેહરૂપી ખોળિયામાં સતત પૂરતાં રહેવું જોઈએ. દેશની શકિતસ્વરૂપા સન્નારીઓ ઘરને આંગણે ભાતભાતની રંગોળી પૂરે તે કર્મ નારીનું કૌશલ્ય, શકિત અને સામંજસ્ય સાધવાની એની પ્રાકૃતિક વૃત્તિનું પ્રતિક છે. બીજી બાજુ ઘરના પુરુષવર્ગને માટે તે દિશાનિર્દેશ છે કે આંગણામાં સપ્રમાણ ઢોળેલા રંગ તેના ઘરમાં નારીનાં સ્થાન અને એની હયાતીથી રંગસભર થતાં જીવનનાં સૂચક છે.

ગણેશ, સરસ્વતી અને લક્ષ્મીની પૂજા–આરાધના માત્ર ધાર્મિક અને શ્રદ્ધા કેન્દ્રિત કર્મો નથી. ગણેશ બુદ્ધિ અને સામાયિક વૃત્તિનું પ્રતિક છે જે આપણને સમય, સંજોગ અનુસાર બુદ્ધિનો ઉપયોગ કરીને વર્તતાં શીખવે છે. સરસ્વતી જ્ઞાન અને પરિશ્રમનું પ્રતિક છે, જે આપણને વાચન, મનન, ચિંતન અને સતત કર્મઠ રહેતાં શીખવે છે તથા લક્ષ્મી શુભાશયનું, વૃદ્ધિનું પ્રતિક છે. બુદ્ધિ અને પરિશ્રમમાં વૃદ્ધિ આપણને કશે પાછાં પડવા નહીં દે તે લક્ષ્મી શીખવે છે તેથી પૂજા, અર્ચના અને કર્મકાંડ સાથે આ ત્રિદેવોના ગુણોને પણ સૌ આત્મસાત કરે અને જીવનને સત્માર્ગે રહી માનવ હોવાપણું સાર્થક કરે તેવી યુનિવર્સિટી પરિવાર વતી આપ સૌને શુભેચ્છાઓ. સમસ્ત ભારતવર્ષનું નવવર્ષ હર્ષોલ્લાસ અને આત્મપ્રતીતિ સાથે વીતે એવી શુભકામનાઓ.

નુતન આશા અને થનગનતી ઉમ્મીદો આફતાબ લઈને દિવાળી આવી છે. ઘરના આંગણે દીપકનું અજવાળું અજ્ઞાનના અંધકારને ઓગાળવા અધીરુ થયું છે. વિક્રમ સવંત ૨૦૭૯ના સૂર્યના કિરણો આપણા સૌના અંતરના દ્વારને ખખડાવી રહ્યા છે. **उत्सवप्रियः जनः** । લોકો ઉત્સવપ્રિય હોય છે. આપણા પ્રસિદ્ધ ગુજરાતી સર્જક કાકાસાહેબ કાલેલકરે જીવતાં ઉત્સવો અને જીવતાં તહેવારોમાં આપણા ઉત્સવોની ઊજવણીની અનોખી ભાત ઉપસાવી છે, દીવાળીમાં ઘરઆંગણની સાથે સાથે દિલમાં પણ સદવિચારનો દીવો કરવાનો મહિમા રહ્યો છે. હ્રદયમાં શુભ સંકલ્પો અને સદવિચારોની દીપમાલા જીવનનો નતવર પથ કંડારવામાં સહાય કરે છે.

**તા. ૧ ડિસેમ્બર, ૨૦૨૨**

**(ડૉ. કિશોરસિંહ ચાવડા)**
**કુલપતિશ્રી**

## યુનિવર્સિટી ન્યૂઝ

### મોરબી દુર્ઘટના શ્રદ્ધાંજલિ કાર્યક્રમ








રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા તા. ૦૨–૧૧–૨૦૨૨, બુધવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સેનેટ હૉલ ખાતે મોરબી ખાતે પુલ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા સદ્ગતને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં માટે ૦૨ મિનીટ મૌન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. કુલપતિશ્રીએ જણાવ્યું હતું કે, આ પ્રકારની આપદા/દુર્ઘટનામાં જે લોકો મૃત્યુ પામ્યા છે તેમની આત્માને શાંતિ મળે અને જે ઘાયલ થયા છે તે જલ્દી થી સ્વચ્છ થાય અને સાથે સાથે આવી ઘટના ક્યારેય ન બને તે માટે આપણે સૌએ ભગવાનના ચરણોમાં પ્રાર્થના કરીએ. ત્યારબાદ હાજર તમામ લોકો એ ૦૨ મિનીટનું મૌન ધારણ કર્યું હતું અને શાંતિ મંત્ર દ્વારા શ્રદ્ધાંજલિની પૂર્ણાહૂતિ કરી હતી. આ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. કે.સી.પોરિયા, પરીક્ષા નિયામકશ્રી એ.વી. ધડુક, NSSના પ્રોગ્રામ કો–ઓર્ડિનેટરશ્રી પ્રકાશચંદ્ર, વિવિધ અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ, શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### યુનિવર્સિટી વહીવટ અંગે તાલીમ કાર્યક્રમ









વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા તા. ૧૨–૧૧–૨૦૨૨ના રોજ સેનેટ હૉલ ખાતે વહીવટ કર્મચારીઓ માટે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, સેનેટ–સિન્ડિકેટ વિભાગના ઇ.ચા.નાયબ કુલસચિવ ડૉ. હિતેશ વાઘેલા, વહીવટી વિભાગના ઇ.ચા. નાયબ કુલસચિવ ડૉ. દિપેશ પટેલ અને વહીવટી કર્મચારીઓ તથા સેવકભાઈઓ હાજર રહ્યા હતા.

કુલપતિશ્રીએ પ્રેરણાદાયી શબ્દો દ્વારા તમામ કર્મચારીઓનો ઉત્સાહ વધાર્યો હતો. કુલપતિશ્રીએ યુનિવર્સિટીના વિકાસમાં સેવકથી લઈ તમામ કર્મચારીઓનું યોગદાન ખુબ જ જરૂરી હોય તે તમામના સહકારથી આગામી સમયમાં યુનિવર્સિટીને અગ્રેસર બનાવવા ઉપસ્થિત તમામ કર્મચારીઓને પ્રોત્સાહિત કર્યા હતા અને

કુલસચિવશ્રીએ સેવકભાઈઓ તથા વહીવટી કર્મચારીઓને ઉદ્‌બોધિત કર્યા હતા તથા યુનિવર્સિટીની મુલાકાત લેનાર વિદ્યાર્થીઓ, વાલીઓ અને મુલાકાતીઓને આત્મીયજન માની સેવા આપવી જોઈએ તથા ઉપસ્થિત કર્મચારીઓને તેમનાં થયેલા બહોળા અનુભવથી વિવિધ બાબતોની જાણકારી આપી કાર્યક્ષમ કામગીરી કરવા અંગે પ્રોત્સાહિત કર્યા હતા તથા આગામી સમયમાં પણ નિયમિત રીતે આવા તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવાનું જણાવ્યું હતું. તાલીમ કાર્યક્રમના મુખ્ય વકતાશ્રી ડૉ. હિતેશ વાઘેલા દ્વારા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા તાલીમ આપવામાં આવી. જેમાં યુનિવર્સિટીનાં પ્રકારો, સ્થાપના, વહીવટમાં વપરાતા સામાન્ય શબ્દો જેવાં કે, યુનિવર્સિટીના અધિનિયમ (Act), ધારા (Statute), અધ્યાદેશ (Ordinance), નિયમન (Regulation), જાહેરનામુ (Notification), પરિપત્ર (Circular) વગેરે અંગે વિસ્તૃત સમજણ આપી હતી અને કાર્યને વધુ સારી રીતે કેવી રીતે કરી શકાય તેના વિશે માહિતી આપી હતી. યુનિવર્સિટીના પ્રકારો, સર્વોચ્ચ સંસ્થાઓ, અધિનિયમ મુજબ, કાયદા મુજબ, વટહુકમ મુજબ યુનિવર્સિટીના સત્તાધીશો વિશે અને યુનિવર્સિટીનાં અધિકારીઓ, વિવિધ સત્તામંડળો તથા વિવિધ કાઉન્સિલો વિશે જાણકારી આપી. વહીવટી કર્મચારીઓએ કાર્યાલય નોંધ, પત્ર, પરિપત્રો વગેરે કેવી રીતે તૈયાર કરવાં કઈ બાબતોનું ધ્યાન રાખવું વગેરે અંગે માહિતી આપ્યા બાદ તમામ પેપર પર કરવાનાં કાર્યોના નમૂના બતાવીને સમજાવ્યું. ઉપરાંત, આપણે જે કામ કરીએ છીએ તેને સદ્‌ભાવથી કરવું અને કાર્યને ચીવટથી કરવું અને ઘણાં બધાં એવા ગુણો કહ્યા કે જે આપણા આર્થિક કાર્યોની સાથે સાથે આપણા માનવજીવનમાં પણ અત્યંત જરૂરી છે. તેમણે તેમના વિશે થોડી વાત કરતાં કહ્યું કે, નિઃસ્વાર્થ ભાવે કામ કરવું જોઈએ અને ક્યારેય હાર ન માનવી જોઈએ તથા સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. આ તાલીમ કાર્યક્રમમાં ૧૨૫ થી વધુ વહીવટી કર્મચારીઓએ લાભ લીધો હતો.

## જનજાતિય ગૌરવ દિવસ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા તા. ૧૫ નવેમ્બર, ૨૦૨૨ના રોજ ભગવાન બિરસા મુંડા જન્મ જયંતિ નિમિત્તે 'જનજાતીય ગૌરવ દિવસ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જે કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, યુનિવર્સિટી સિન્ડીકેટ સભ્યોશ્રી, યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના પ્રાધ્યાપકો, વહીવટી કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ સહિત કુલ ૧૫૦થી વધુ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ યુનિવર્સિટી રૂરલ સ્ટડીઝ વિભાગના પ્રાધ્યાપક ડૉ. દીપકભાઈ ભોયેનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ હતો. ડૉ. દીપકભાઈ ભોયે દ્વારા કાર્યક્રમ અંગેની પ્રાથમિક માહિતી આપવામાં આવી હતી. 'જનજાતીય ગૌરવ દિવસ'ની ઉજવણી નિમિત્તે યુનિવર્સિટી ખાતે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરેલ તથા જનજાતિ ક્ષેત્રના સામાજિક કાર્યકર્તા શ્રી વિપુલભાઈ પટેલ દ્વારા વકતવ્ય આપવામાં આવેલ હતું. શ્રી વિપુલભાઈ પટેલે જનજાતિ ગૌરવ અંગે આગવી શૈલીમાં ઉપસ્થિત યુવાનોને પ્રોત્સાહિત કરી સ્વાતંત્ર્ય સંગ્રામમાં જનજાતિનું અભુતપૂર્વ યોગદાન અને ગૌરવની માહિતી આપી હતી. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા ભગવાન બિરસા મુંડા વિશે ઉપસ્થિત વિદ્યાર્થીઓને માહિતી આપી જનજાતિ ગૌરવ અંગે પ્રોત્સાહિત કર્યા હતા. યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી દ્વારા કાર્યક્રમની આભારવિધિ કરવામાં આવેલ હતી તથા કાર્યક્રમનું સંચાલન ડૉ. ભરતભાઈ ઠાકોર દ્વારા કરવામાં આવેલ હતું.







## સફળ સાહસિકો દ્વારા પ્રેરક વ્યાખ્યાન





વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાનાં સતત માર્ગદર્શન હેઠળ ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેસ એન્ડ ઇન્ડસ્ટ્રિયલ મેનેજમેન્ટ વિભાગના સેમિનાર હાલમાં તા. ૧૮ નવેમ્બર, ૨૦૨૨ના રોજ સફળ સાહસિકો દ્વારા પ્રેરક વ્યાખ્યાન વિષય પર એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ઇન્સ્ટીટ્યુશન ઇનોવેશન કાઉન્સિલના પ્રેસીડન્ટ ડૉ. જયદીપ ચૌધરી, ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેસ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટના વડાશ્રી ડૉ. મનિષ સિદ્ધપુરીયા તેમજ તે વિભાગના બીજા અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં શ્રી કરિશ્મા શાહ (Paeony & Curadoor), શ્રી નિશીત કાપડિયા (Systyam Craft) શ્રી કૃણાલી જૈયાવાલા (Trece Hub) કે જે તેમના ક્ષેત્રમાં સફળ ઉદ્યોગ સાહસિક છે તેઓ મુખ્ય વકતા તરીકે હાજર રહ્યાં હતાં. તેઓએ સફળ ઉદ્યોગ સાહસિક બનવાની વાતો કરતાં કહ્યું કે, આપણામાં રહેલી કળાને વિકસિત કરીને તેના દ્વારા ઉદ્યોગ સાહસિક બની શકીએ છીએ. આપણે માત્ર એક નાની પહેલ કરવાની છે, કે જેના દ્વારા લોકોની જરૂરિયાતો સરળતાથી સંતોષી શકાય, રોજબરોજ કામમાં આવતી વસ્તુઓ લોકોને સરળતાથી મળી શકે અને એવું ઘણું બધું કે જેનાથી લોકોને ફાયદો પણ થાય અને સરળતાથી તેનો ઉપયોગ કરી શકે. કોઈ પણ વ્યકિત જ્યારે ઉદ્યોગસાહસિક બનવાનો પ્રયત્ન કરે ત્યારે તનો માર્ગ ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે આ મુશ્કેલીનો અડગ રહીને સામનો કઈ રીતે કરવો અને તેમાંથી આગળ વધીને પોતાના ઉદ્યોગને સફળ કઈ રીતે બનાવવું તે પણ તે વ્યકિતઓ દ્વારા વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું. આમાં આપણે કોઈ પણ વસ્તુનો સમાવેશ કરી શકીએ છીએ, પરંતુ આપણે કોઈ પણ કાર્યને સિદ્ધ કરવા માટે એ કાર્ય માટે કરેલા વિચારને અમલમાં મૂકવો પડશે અને તે વિચાર વિશે વિચારી તેની નાનકડી શરૂઆત કરવી પડશે. તેઓએ પોતાની સ્ટોરી કહેતાં કહ્યું કે, કોઈપણ કામની પહેલા તો શરૂઆત કરવી જોઈએ, મુશ્કેલીઓ પણ આવશે અને તેમાંથી જ આપણને શીખવા પણ મળશે. તો આપણે જે પણ વિચારીએ છીએ તેને અમલમાં મૂકી તેને મેળવવા સતત મંડયાં રહેવું અને તેને સિદ્ધ કરવાના પ્રયત્નો ચાલુ રાખવા જોઈએ અને સૌથી ખાસ વાત એ છે કે તેમના બે ઉદ્યોગસાહસિકો યુનિવર્સિટીના વિભાગના વિદ્યાર્થીઓ હતા. કહેવાય છે કે, ડર કર નૈયા પાર નહી હોતી, કોશિશ કરનેવાલો કી હાર નહી હોતી" આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને તેઓને ઉદ્યોગ સાહસિક બનવા માટેનું ઘણું માર્ગદર્શન આપ્યું હતું.

## રાષ્ટ્રીય શિક્ષણ દિવસની ઉજવણી





તા. ૧૧ નવેમ્બર, ૨૦૨૨ શુક્રવારના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે મૌલાના અબુલ કલામ આઝાદીની જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય શિક્ષણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. મૌલાના અબુલ કલામ આઝાદે વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુની કેબિનેટમાં ૧૯૪૭ થી ૧૯૫૮ સુધી સ્વતંત્ર ભારતના પ્રથમ શિક્ષણ મંત્રી તરીકે સેવા આપી હતી. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, બાયો સાયન્સ વિભાગના અધ્યાપકશ્રી ડૉ. રાજેશ પટેલ, યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોના અધ્યાપકશ્રીઓ અને યુનિવર્સિટી પરિસરના અને યુનિવર્સિટી સંલગ્ન કૉલેજના વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત મા સરસ્વતીની વંદના કરી દીપ પ્રાગટયથી કરવામાં આવી હતી અને ઉપસ્થિત મહેમાનો તેમજ મુખ્ય વકતાનું પુસ્તકો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આપણે સૌ જાણીએ જ છીએ કે શિક્ષણનું મહત્ત્વ આપણાં જીવનમાં અમૂલ્ય છે અને શિક્ષણ મનુષ્યનાં જીવનમાં અવિભાજ્ય ભાગ બની ગયુ છે. રાષ્ટ્રીય શિક્ષણ દિવસ નિમિત્તે શિક્ષણનું મહત્ત્વ સમજાવતા કુલપતિશ્રી દ્વારા જીવંત ઉદાહરણો આપતાં અદભૂત ઉદબોધન આપવામાં આવ્યું. કાર્યક્રમના મુખ્ય વકતા શ્રી ડૉ. રાજેશ પટેલ દ્વારા મૌલાના અબુલ કલામના શબ્દોને વર્ણવતા કહ્યું કે, શિક્ષણ એ વિદ્યાર્થીઓમાં પૂછપરછની ભાવના, સર્જનાત્મકતા, સાહસિકતા અને નૈતિક નેતૃત્વની ક્ષમતાઓનું નિર્માણ કરે

છે. નવી શિક્ષણ નીતિ વિશે સમજાવ્યું અને તેનાથી વિદ્યાર્થીઓને થતાં લાભો વિશે જણાવ્યું હતું. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ એ ઉચ્ચ શિક્ષણને એન્જિન બનાવવા તથા આપણાં અર્થતંત્ર અને સમાજનાં સંશોધન અને વિકાસને આગળ ધપાવવા માટે સમગ્ર સિસ્ટમની પુનઃકલ્પના, પુનઃડિઝાઈન અને પુનઃરચના કરવાની તક પૂરી પાડે છે. ઉપરાંત, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ની કલમો અને હેતુઓ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા. આ નવી શિક્ષણ નીતિ વિદ્યાર્થીઓ માટે કેટલી ઉપયોગી છે તથા તેમની વિદ્યાર્થીઓના જીવનમાં ઘણાં પરિવર્તનો કરી શકાય, તે માટે ઉમદા વિચારો રજૂ કર્યા. કાર્યક્રમમાં ઉપસ્થિત તમામનો આભાર માનવામાં આવ્યો.

## મતદાર જાગૃતિ અભિયાન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં ગ્રંથાલય ખાતે તા. ૨૪ નવેમ્બર, ૨૦૨૨ના રોજ મતદાન જાગૃતિને લઈ બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓની રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરત જિલ્લામાં લોકશાહીનાં પર્વને લઈને લોકઉત્સાહ વધારવા ખાસ તૈયારીઓ કેન્દ્રીય માહિતી પ્રસારણ મંત્રાલય દ્વારા યોજાયેલ હતો. આ કાર્યક્રમમાં અમદાવાદથી મતદાનની જાગૃતિ ફેલાવવા માટે એક નાનું જૂથ પણ આવ્યું હતું અને ત્યાં વિદ્યાર્થીઓ સમક્ષ નાટક પણ રજૂ કર્યું હતું. આ કાર્યક્રમમાં સુરતના કલેકટરશ્રી ડૉ. આયુષ ઓકની પ્રેરણાદાયી ઉપસ્થિતિ રહી હતી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, વિવિધ વિભાગીય વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, કર્મચારીઓ અને એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ તથા જે–તે વિભાગના વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આગામી દિવસોમાં સુરત ખાતે આ પ્રકારની વિવિધ મતદાન જનજાગૃતિ પ્રવૃતિઓનું આયોજન કેન્દ્રીય સંચાર બ્યુરો, પાલનપુર દ્વારા કરવામાં આવશે જેનો ખાસ ઉદેશ લોકશાહીના આ અવસરમાં નાગરિકો વધારેમાં વધારે ઉત્સાહભેર મતદાન કરે તેમજ છેવાડાના નાગરિક સુધી મતદાન અવશ્ય કરીએ એવો સંદેશ પહોંચે એવો છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી દરમ્યાન લોકોને મતદાન માટે જાગૃત કરવા સુરત ખાતે કેન્દ્રીય માહિતી પ્રસારણ મંત્રાલય દ્વારા આગામી તા. ૨૪ થી ૨૬ નવેમ્બર ૨૦૨૨ દરમ્યાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે મતદાન જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાશે. કેન્દ્રીય માહિતી પ્રસારણ મંત્રાલયની કેન્દ્રીય સંચાર બ્યુરો ક્ષેત્રીય કાર્યાલય પાલનપુર દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે ખાસ યુવા મતદારોને ધ્યાનમાં રાખી ત્રિદિવસીય મલ્ટિમિડીયા ફોટો પ્રદર્શન તેમજ વિવિધ મતદાર જાગૃતિ પ્રવૃતિઓ જેવી કે સ્લોગન સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, રેલી, પ્રશ્ન મંચ સ્પર્ધા, નાટક, નાગરિક પ્રતિભાવ, સિગ્નેચર કેમ્પેઈન અને સેલ્ફી પોઇન્ટનું આયોજન કરવામાં આવશે. માહિતી અને પ્રસારણ મંત્રાલય તેમજ ચૂંટણી પંચ દ્વારા આયોજિત આ કાર્યક્રમના આગ્રીમ પ્રચારના ભાગરૂપે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે વિવિધ વિભાગોમાં સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં આઈ.એ.એસ.આઈ.પી.એસ. તાલીમ કેન્દ્ર તેમજ સેન્ટર ફોર હિન્દુ સ્ટડીઝ વિભાગમાં સ્લોગન સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા તેમજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું સાથે જ યુવા વિદ્યાર્થીઓ દ્વારા મતદાર જાગૃતિ પર્વમાં જોડાવાનો સંકલ્પ પણ લીધો હતો.
















## મતદાન જાગૃતિ સંદર્ભે વિવિધ સ્પર્ધાઓનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે ૨૫, નવેમ્બર ૨૦૨૨ના રોજ બાયોટેક વિભાગમાં મતદાર જાગૃતિ અંતર્ગત કેન્દ્રીય સંચાર બ્યુરો, પાલનપુર તેમજ મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત દ્વારા નાટક અને વકતવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું તથા આ સ્પર્ધાઓમાં વિવિધ વિભાગના વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગતના કાર્યક્રમોમાં સતત માર્ગદર્શન મળતું રહ્યું છે.

વિશ્વની સૌથી મોટી લોકશાહી આપણા ભારતનાં આ લોકતંત્રના સૌથી મોટો અવસર 'ચૂંટણી' લોકશાહીના અવસરમાં મોટી સંખ્યામાં લોકો ઉત્સાહભેર મતદાન કરે એના માટે ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના કેન્દ્રીય સંચાર બ્યુરો, પાલનપુર દ્વારા 'અવસર લોકશાહીનો' ગુજરાત વિધાનસભા ચૂંટણી-૨૦૨૨ના ઉપક્રમે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલય ખાતે ત્રિદિવસીય મતદાર જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેમાં પ્રદર્શન સ્થળ પર મેહુલ ફાઉન્ડેશન હિંમતનગરના કલાકારો દ્વારા મનોરંજન સાથે મતદાન જાગૃતિ નાટકની પ્રસ્તુતિથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી તદ્ઉપરાંત કાર્યક્રમમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ તેમજ સુરતના નાગરિકો માટે પ્રશ્નોત્તરી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું જેમાં ભારતીય લોકશાહીનો ઈતિહાસ મતદાન જાગૃતિના સંલગ્ન પ્રશ્નોના સાચા ઉત્તર આપનારને કેન્દ્રીય સંચાર બ્યુરો પાલનપુર દ્વારા ઈનામ આપી પુરસ્કૃત કરવામાં આવ્યા, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બાયો ટેકનોલોજી વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા ચિત્ર સ્પર્ધાનાં આયોજન સાથે વકતૃત્વ સ્પર્ધા તેમજ પોતાના પ્રતિભાવો રજૂ કરવામાં આવ્યા હતા જેમાં વિભાગના પ્રાધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ જોડાયા હતા. સુરત ખાતે મતદાન જાગૃતિ માટે વિવિધ પ્રવૃતિ દ્વારા પોતાનું વિશેષ યોગદાન આપતા અગ્રવાલ વિકાસ શાખાના કાર્યકરો, સ્વયંસેવકો દ્વારા રંગોળી સ્પર્ધા, પ્લેકાર્ડ નિદર્શન, મ્યુઝિકલ શો તેમજ વિશેષમાં શ્રી રાહુલ અગ્રવાલ દ્વારા મતદાન જાગૃતિ અંગે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

સિગ્નેચર કેમ્પેઇન, સેલ્ફી પોઈન્ટ, રેલી, નાટ્ય પ્રસ્તુતિ, મતદાર જાગૃતિનો સંદેશ આપતી નોન વુવન બેગનું વિતરણ, મતદાર તેમજ ચૂંટણી વિશેની માહિતી આપતી સામગ્રીનું વિતરણ, વકતવ્યો તેમજ ઉપસ્થિત તમામ નાગરિકોને મતદાન પ્રતિજ્ઞા લેવડાવવાની સાથે અન્ય પ્રવૃતિઓનું આયોજન પણ કાર્યક્રમાં કરવામાં આવ્યું હતું અને પોતાની નૈતિક ફરજનું અચૂકપણે પાલન કરવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો.



















## નેશનલ ઇન્સ્ટીટયુશનલ રેન્કિંગ ફ્રેમવર્ક (NIRF)

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા નેશનલ ઇન્સ્ટીટયુશન રેન્કિંગ ફ્રેમવર્ક (NIRF)ની મિટિંગનું આયોજન તા. ૩૧/૧૦/૨૦૨૨ અને તા. ૪/૧૧/૨૦૨૨ના રોજ કરવામાં આવ્યું હતું. આ મિટિંગ દ્વારા યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોને પૂરતી માહિતી મળી શકે તેમજ કૉલેજોને માહિતી ભરવામાં થતી મુશ્કેલીઓનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. આ મિટિંગમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી અને યુનિવર્સિટી NIRFના નોડલ ઓફિસર ડૉ. અપૂર્વ એ. દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. યુનિવર્સિટી સંલગ્ન કૉલેજો બહોળી સંખ્યામાં આ ઓનલાઈન મિટિંગમાં જોડાયા હતી. યુનિવર્સિટી NIRFના નોડલ ઓફિસર ડૉ. અપૂર્વ એ. દેસાઈ દ્વારા કૉલેજોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને માહિતીનું આદાન–પ્રદાન કરવામાં આવ્યું હતું. નેશનલ ઇન્સ્ટિટ્યુશનલ રેન્કિંગ ફ્રેમર્વક (NIRF)માં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ ૨૦૧૯ થી ભાગ લીધેલ છે. નેશનલ ઇન્સ્ટીટયુશનલ રેન્કિંગ ફ્રેમર્વકમાં રજીસ્ટ્રેશન લિંક https://login.nirfindia.org/Registration/Registration હતી. આ ફ્રેમર્વક દેશભરની સંસ્થાઓને રેન્કિંગ કરવાની પદ્ધતિની રૂપરેખા આપે છે. વિવિધ યુનિવર્સિટીઓ અને સંસ્થાઓને રેન્કિંગ આપવા માટેનાં વ્યાપક પરિણામોને ઓળખવા માટે MHRD દ્વારા રચવામાં આવેલી કોર કમિટી દ્વારા પ્રાપ્ત થયેલી એકંદર ભલામણોમાંથી પદ્ધતિની વ્યાપક સમજણ લેવામાં આવી છે. નેશનલ ઇન્સ્ટીટયુશનલ રેન્કિંગ ફ્રેમર્વક (NIRF) માં ઓવરઓલ, એન્જિનિયરિંગ, મેનેજમેન્ટ, આર્કીટેકચર, ફાર્મસી, લો, મેડીકલ, ડેન્ટલ અને સંશોધનનું રેન્કિંગ કરવામાં આવે છે અને આ વખતે એગ્રીકલ્ચરનો સમાવેશ કરવામાં આવેલ છે તેમજ આર્કિટેકચરનું નામ બદલીને આર્કિટેકચર એન્ડ પ્લાનિંગ કરવામાં આવ્યું છે.

## 'કિતના બદલા ગુજરાત' પર DD Conclave

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે એમ્ફી થીયેટર પર દૂરદર્શન દ્વારા કોન્કલેવ (Conclave) પ્રોગ્રામનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. યુનિવર્સિટીના જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશન વિભાગના વિદ્યાર્થીઓ આ કાર્યક્રમનો હિસ્સો બન્યા અને જીવંત પ્રસારણ (Live Telecast)ની પ્રક્રિયામાં ઇન્ટર્નની જેમ કાર્ય કરી એમાંથી કંઈક શીખવાનો ઉત્સાહ દર્શાવ્યો હતો. તેમને માટે આ એક લ્હાવો હતો. આ કાર્યક્રમનો વિષય 'કિતના બદલા ગુજરાત' પર માહિતી આદાન પ્રદાન કરવામાં આવી. આ કાર્યક્રમમાં મહાનુભાવો અને યુનિવર્સિટીના શિક્ષણશાસ્ત્રીઓ અને ઉદ્યોગશાસ્ત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ DD News Channel પર Live કરવામાં આવ્યું. ગુજરાતમાં સમાવેશ શિક્ષણ, ઉદ્યોગો, ઔદ્યોગિકો, જાહેર સેવાઓ,

ગરીબો માટેની સહાય–યોજનાઓ, નવી ટેકનોલોજીમાં શું બદલાવ થયો છે, શું બદલાવ નથી થયો તેના પર વિગતે ચર્ચાનો મહાસમારંભ યોજાયો. જેમાં દૂરદર્શનના ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રેરણા અને પ્રેરણાનાં સિદ્ધાંતો : વ્યાખ્યાન








તા. ૨૫/૧૧/૨૦૨૨નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાનાં માર્ગદર્શન હેઠળ અર્થશાસ્ત્ર વિભાગ ખાતે 'પ્રેરણા અને પ્રેરણાના સિદ્ધાંતો' વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે ગવર્મેન્ટ ડીગ્રી કૉલેજ સુકૌલી, કુશીનગર, ઉત્તર પ્રદેશના સહાયક પ્રા. ડૉ. વિજયકુમાર તિવારી તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના તુલનાત્મક સાહિત્ય વિભાગના પ્રા. ડૉ. મુકેશ વસાવા, અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી, સહાયક પ્રા. ડૉ. મનિષ આર. પટેલ, ડૉ. યોગેશ એન. વાસિયાં, અર્થશાસ્ત્ર વિભાગના અન્ય અધ્યાપકો અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. પ્રસ્તુત વ્યાખ્યાન કાર્યક્રમની શરૂઆત ડૉ. યોગેશ એન. વાંસિયાએ કરાવી. વ્યાખ્યાનના વિષય અને મુખ્ય વકતાનો પરિચય શ્રોતાઓને આપવામાં આવ્યો. ત્યારબાદ વિભાગના અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા મુખ્ય વકતા અને અતિથિઓનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું અને અર્થશાસ્ત્ર વિભાગનો પરિચય, વિભાગમાં કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ, સંશોધન કાર્ય વગેરે વિષે માહિતી આપવામાં આવી અને ત્યારબાદ મુખ્ય વકતા અને અતિથિઓનું સ્વાગત સ્મૃતિભેટ સ્વરૂપે પુસ્તક આપીને કરવામાં આવ્યું. સ્વાગત અને પરિચય વિધિ બાદ મુખ્ય અતિથિ ડૉ. વિજયકુમાર તિવારીએ પોતાનાં વકતવ્યની શરૂઆત કરી. વકતવ્યની રજૂઆત હિન્દી ભાષામાં કરવામાં આવી હતી. ડૉ. વિજયકુમાર તિવારીએ વ્યાખ્યાનમાં પ્રેરણા અને પ્રેરણાની થિયરી વિષે ચર્ચા કરી, જેમાં ડૉ. કાર્લ મેસ્લોની થિઅરી મુજબ પ્રેરણાંનાં પાંચ પગથિયાંની ચર્ચા કરવામાં આવી. જેમાં ૧. શારીરિક જરૂરિયાત ૨. સલામતીની જરૂરિયાત ૩. સામાજિક જરૂરિયાત ૪. મનોવૈજ્ઞાનિક જરૂરિયાત અને ૫. આત્મસંપૂર્ણકરણ વિષે વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી અને થીયરી દ્વારા લોકોને જુદી જુદી જરૂરિયાતને જાણીને પ્રોત્સાહિત કઈ રીતે કરી શકાય તે અંગેની ચર્ચા કરી હતી. ત્યારબાદ યુનિવર્સિટી વિભાગ અને શ્રોતાઓનો આભાર વ્યકત કરી પોતાનું વ્યાખ્યાન સમાપ્ત કર્યું. પ્રસ્તુત વ્યાખ્યાનમાં ૫૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

## રાષ્ટ્રીય બંધારણ દિવસ





વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેસ એન્ડ ઇન્ડસ્ટ્રિયલ મેનેજમેન્ટ વિભાગના સેમિનાર હૉલમાં તા. ૨૬ નવેમ્બર, ૨૦૨૨ના રોજ રાષ્ટ્રીય બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન.

ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીની પ્રેરક ઉપસ્થિતિ હતી. વિભાગના અધ્યાપક તથા સેન્ટર ફોર ડૉ. બી.આર.આંબેડકર સ્ટડીઝના ચેરમેન ડૉ. જયદીપ ચૌધરી, વિભાગના કો–ઓર્ડિનેટર ડૉ. મનિષા પાનવાલા ઉપરાંત બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં. મંચ પર ઉપસ્થિત તમામનું પુસ્તકો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. કાર્યક્રમના મુખ્ય વક્તા ડૉ. હિના મકવાણા દ્વારા બંધારણની પ્રતિજ્ઞા લેવડાવીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા બંધારણ વિશે માર્ગદર્શન આપ્યું અને કાર્યક્રમના વક્તા ડૉ. હિના મકવાણા દ્વારા આપણા સંવિધાન એટલે શું ? આપણાં સંવિધાનનું મહત્ત્વ શું છે ? તેની સ્થાપના કેવી રીતે થઈ ? અને સંવિધાનની જાગૃતિ વિશે જણાવવામાં આવ્યું. બંધારણ દિવસ, જેને 'રાષ્ટ્રીય કાયદો દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ભારતનાં બંધારણને અપનાવવાની સ્મૃતિમાં દર વર્ષે ૨૬ નવેમ્બરે ભારતમાં ઉજવવામાં આવે છે. ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ, ભારતની બંધારણ સભાએ ભારતનાં બંધારણને અપનાવ્યું અને તે ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ અમલમાં આવ્યું. બંધારણને બનાવવામાં ૨ વર્ષ, ૧૧ મહિના અને ૧૮ દિવસ લાગ્યા, તે ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ બંધારણ સભા દ્વારા તેને સ્વીકારવામાં આવ્યું. ભારતીય પ્રજાસત્તાકનું આ બંધારણ ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ અમલમાં આવ્યું. ભારતનું બંધારણ દેશના દરેક નાગરિકને સ્વતંત્ર ભારતમાં રહેવા માટે સમાન અધિકાર આપે છે. આ દિવસની ઉજવણીનો હેતુ દેશના યુવાનોમાં બંધારણના મૂલ્યોને પ્રોત્સાહન આપવા માટે જાગૃતિ ફેલાવવાનો હતો.

## યુનિવર્સિટીના વિદ્યાર્થી સરકારી પરીક્ષામાં ઝળક્યા




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે આવેલ પબ્લિક એડમિનિસ્ટ્રેશન વિભાગનાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૨ના તેજસ્વી વિદ્યાર્થી જય ગીરીશભાઈ પટેલે GSSSB (ગુજરાત રાજ્ય ગૌણ સેવા પસંદગી મંડળ) ક્લાસ–૩ની પરીક્ષામાં સફળતા મેળવી વલસાડ ખાતે ડેપ્યુટી કલેકટરની ઓફિસમાં સબ એકાઉન્ટન્ટ/સબ. ઓડિટર તરીકેની પસંદગી કરવામાં આવી છે. એટલું જ નહી પરંતુ, તેમણે UGC NET (National Eligibility Test) પાસ કરી આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ક્વાલિફાઈડ થઈ યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યું છે. જે બદલ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, માસ્ટર ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન વિભાગનાં સંયોજકશ્રી ડૉ. મધુ થવાણી અને સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. કે.સી.પોરીયાએ પુસ્તક દ્વારા સન્માન કરી અભિનંદન પાઠવ્યાં. વિદ્યાર્થીએ કરેલી નિરંતર મહેનતનું આ ફળ છે અને તે હજુ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિવારે પાઠવી હતી.

## યુવા સંવાદ

રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત તા. ૨૮/૧૧/૨૦૨૨નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે 'યુવાસંવાદ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, મુખ્ય વક્તા તરીકે ડૉ. રિતેશ શાહ, સિન્ડીકેટ સભ્યશ્રી કિરણભાઈ ઘોઘારી અને એન.એસ.એસ વિભાગના પ્રોગ્રામ કો–ઓર્ડિનેટર શ્રી પ્રકાશચંદ્ર હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિસરના વિવિધ અનુસ્નાતક વિભાગોના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન અને વ્યવસ્થા એન.એસ.એસ. વિભાગના શ્રી પ્રકાશચંદ્ર દ્વારા કરવામાં આવેલ હતી.








## સ્વયંસેવકની પસંદગી




રાષ્ટ્રીય સેવા યોજના, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન જુદી જુદી ૦૫ કૉલેજોમાંથી ૦૫ (૦૨ બહેનો અને ૦૩ ભાઈઓ) સ્વયંસેવકોની પસંદગી તા. ૨૦ થી ૨૯ નવેમ્બર ૨૦૨૧ દરમ્યાન સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, આણંદ ખાતે યોજાનાર પ્રિ.આર.ડી. પરેડ માટે થયેલ છે. પસંદગી પામેલ સ્વયંસેવકોને યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી અને એન.એસ.એસ.ના પ્રોગ્રામ કો–ઓર્ડિનેટર શ્રી પ્રકાશચંદ્ર દ્વારા પુસ્તક આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. એન.એસ.એસ. વિભાગ દ્વારા નિરંતર થતા કાર્યો માટે કુલપતિશ્રી અને કુલસચિવશ્રીએ અભિનંદન પાઠવ્યા હતા.

## સન્માન સમારોહ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે તા. ૪/૧૧/૨૦૨૨ના રોજ યુનિવર્સિટી કાર્યલયમાં ફરજ બજાવતા ચોકીદાર (વોચમેન) પંડિત પરશુરામ રામસેવક જેમની વય ૫૨ (બાવન) વર્ષ છે. જે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં કોન્ટ્રાકટરની સાથે છેલ્લા ૬ વર્ષથી કામગીરી કરી રહ્યા છે. યુનિવર્સિટીના નિષ્ઠાપૂર્વક સંનિષ્ઠ સેવા બિરદાવવા માટે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવ ડૉ. રમેશદાન સી. ગઢવી ઉપસ્થિત રહ્યા હતા. તેમની સેવાને બિરદાવવા કાર્યલયમાં બોલાવીને સાલ અને સ્મૃતિ ભેટ આપીને તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા. એમનાં સન્માન કરવા પાછળની વાત કરીએ તો દિવાળીનાં વેકેશન દરમ્યાન યુનિવર્સિટીમાં સામાન્ય રીતે કોઈ પણ વ્યકિતને પ્રવેશ કરવા દેવામાં આવતો ન હોય અને બધા ચોકીદારને પણ ખાસ સૂચના આપવામાં આવી હોય છે કે વેકેશન દરમ્યાન કોઈને પણ પ્રવેશ કરવા દેવો નહિ અને તે સમયે યુનિવર્સિટીના કુલસચિવશ્રી મુખ્ય પ્રવેશદ્વાર પાસે આવ્યા અને ચોકીદારે (વોચમેન) તેમને અંદર જવા દીધા ન હતા. થોડી વાર ચોકીદારે ઉગ્ર બોલાચાલી પણ કરી કે એમને કડક સૂચનો છે જેનું અમે પાલન કરીએ છીએ. તેઓની કર્તવ્યનિષ્ઠાને કોઈ પણ પ્રકારનાં પ્રલોભને અસર કરી નહિ, જો કે તેમને સામે કુલસચિવ છે તેની તેમને જાણ ન હતી. આવી રીતે તેમનાં કાર્ય પ્રત્યે વફાદાર રહીને તે એક શ્રેષ્ઠ ઉદાહરણ બન્યા છે.

## ભારતની કૃષિ સમસ્યાઓ અંગે નિરાકરણ બુટકેમ્પ





વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના ડિપાર્ટમેન્ટ ઓફ એમ.એસ.સી. (આઈ.ટી.) વિભાગના કમ્પ્યુટર લેબમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તેમજ કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીનાં સતત માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટી સેલ SSIP તથા IIC દ્વારા તા. ૨૮, નવેમ્બર ૨૦૨૨ના રોજ કૃષિ ક્ષેત્રે ઉદ્ભવતી

સમસ્યાઓનાં નિરાકરણ માટેનો બુટ કેમ્પ યોજાયો હતો. આ બુટકેમ્પમાં ૨૪૦ વિદ્યાર્થીઓ અને ૬ ફેકલ્ટીએ ભાગ લીધો હતો. આપણો ભારત દેશ કૃષિ પ્રધાન દેશ છે અને તેમાં આવતી સમસ્યાઓનાં નિરાકરણ માટે આ બુટ કેમ્પમાં ભારતની કૃષિ સમસ્યાઓને લગતા પ્રશ્નો આવરી લેવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ૨ વિડિયો બતાવવામાં આવ્યા હતા. જેના અંતે તેમણે અવલોકન કરી સમસ્યા તેમજ તેનાં નિરાકરણો સબમિટ કરવાનાં હતાં. આ સમસ્યા શોધીને તેને સૂચિત ઉકેલ માટે વિદ્યાર્થીઓને ૩૦ મિનિટની સમય મર્યાદા આપવામાં આવી હતી. કૃષિમાં સમસ્યારૂપ વિસ્તારો, જમીન સંબંધિત, પાકોને સંબંધિત, ખાતરને સંબંધિત, કેવી જમીનમાં કેવા પાકોનું ઉત્પાદન કરી શકાય, સબસિડી સાથે વળગાડ, કૃષિ બજારમાં હસ્તક્ષેપ આવ્યું જેવા અનેક પ્રશ્નો જે કૃષિ ક્ષેત્રની સમસ્યાનું કારણ બની ગયેલ છે. આવી મુશ્કેલીઓનો હલ કેવી રીતે લાવી શકાય અને કેટલો ઝડપથી લાવી શકાય તેની વિદ્યાર્થીઓએ શોધ કરવાની હતી. આ કૃષિ સંબંધિત મુશ્કેલીઓનાં નિરાકરણ વિદ્યાર્થીઓએ સોફ્ટ કૉપીમાં જમા કરાવ્યાં. જેમાંથી ૪ થી ૫ જેટલા પ્રશ્નોનાં નિરાકરણો આગળ આવ્યાં. આ બુટ કેમ્પમાંથી વિદ્યાર્થીઓને ઘણું જાણવા મળ્યું કે કૃષિ સંબંધિત સમસ્યાઓ કેવી હોય છે અને હવે તેનું નિરાકરણ શું હોઈ શકે તેના પર વિચારો કર્યા. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ તેમજ સરકાર તરફથી મળતી સહાય અંગે પણ જાણકારી આપવામાં આવી હતી. આ કાર્યક્રમ એમ.એસ.સી.આઈ.ટી. વિભાગના વડાશ્રી ડૉ. પુષ્પલ દેસાઈ તેમજ વિભાગના બીજા પ્રાધ્યાપકોના સાથ અને સહકારથી ખુબ જ સફળ રહ્યો.

## અદાણી પોર્ટની મુલાકાત













વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના આઈડિયા એન્ડ ઇનોવેશન સેલ તથા યુનિવર્સિટી સંલગ્ન કૉલેજ પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ દ્વારા તા. ૨૬ નવેમ્બર ૨૦૨૨ના રોજ અદાણી પોર્ટ, હઝીરાની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાતનું આયોજન કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટના આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણીનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં યુનિવર્સિટી સેલ SSIP તથા IIC ના સભ્યો, બાયોટેક વિભાગના વડાશ્રી ડૉ. ગૌરવશાહ, શ્રી ચિંતન ગજ્જર, પ્રો. વી.બી.શાહ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટના પ્રા. શ્વેતા રાજપુત, પ્રા. રાકેશ પટેલ અને કૉલેજના વિદ્યાર્થીઓ પોર્ટની મુલાકાતે ગયેલાં હતાં. કુલ ૬૦ જેટલા વિદ્યાર્થીઓએ અદાણી હજીરા પોર્ટ પર સમસ્યાની ઓળખ માટે આ મુલાકાતમાં ભાગ લીધો હતો. અદાણી હજીરા પોર્ટ પર સમસ્યાની ઓળખ માટે એક્સપોઝર અને ફિલ્ડ વિઝિટનું આયોજન વિદ્યાર્થીઓને પોર્ટ પર થઈ રહેલી વાસ્તવિક કામગીરીની શક્ય તેટલી નજીક લાવવા કરાયું હતું જેથી તેઓ પોર્ટ પર કર્મચારી કેવી રીતે કામ કરે છે અને તે દરમ્યાન તેઓ કઈ મુખ્ય સમસ્યાઓનો સામનો કરે છે તે જાણી શકાય અને તેનું યોગ્ય નિરાકરણ મેળવી શકાય. આ મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓને પોર્ટ મેનેજમેન્ટ, તેની વિવિધ મશીનરી, ૨૧૯ જેટલાં ટેંક અને અદાણીના વર્તમાન પ્રોજેક્ટ્સ વિશે જાણકારી આપવામાં આવી હતી. અદાણી ડેટા સેન્ટર, અદાણી રોડ, મેટ્રો રેલ, અદાણી વોટર, ડીજીટલ લેબ વગેરે જેવાં તેમના ભવિષ્યનાં સાહસો વિષે માહિતી આપવામાં આવી હતી. તેમજ અન્ય બાબતો જેમ કે જેટી, વેસલ, વેર હાઉસ, સ્ટોરેજ ટેન્ક, કોલ અનલોડિંગ વગેરે વિશેષ

જાણકારી અને તેની પ્રક્રિયાઓની સંપૂર્ણ માહિતી અદાણી પોર્ટનાં ક્રિષ્નાબેન માંડવીયા દ્વારા આપવામાં આવી હતી. આ ફિલ્ડ ટ્રીપના આયોજનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને પોર્ટની રોજિંદી પ્રવૃત્તિઓની જાણકારી તથા તેમાંથી ઉદ્‌ભવતી સમસ્યાઓને શોધીને તેનું નિરાકરણ લાવવા માટેનો હતો. વિદ્યાર્થીઓને પોર્ટ પરની ઘણી બધી કામગીરી વિશે ઊંડાણપૂર્વક જાણવા મળ્યું અને તેમાંથી તેઓએ નોંધ્યું કે પોર્ટ પર રોજબરોજની આ પ્રવૃત્તિ દરમ્યાન ઘણી બધી સમસ્યાઓ આવી શકે છે જેમ કે મુલાકાતીઓનો તેમજ પોર્ટના સ્ટાફનો સમય બચાવવા માટે મુલાકાતીઓ માટે ઈ–પાસ જનરેટ કરી શકાય, કોલસાને સ્ટોરેજ સુધી લઈ જવાના કન્વેયર બેલ્ટની નિયમિત જાળવણી, કર્મચારીઓનું પરિવહન જોખમ, પોર્ટમાં કર્મચારીઓની આંતરિક મુસાફરી વગેરે જેવાં ઘણાં પ્રોબ્લેમ સ્ટેટમેંટ સામે આવ્યા.

## વિદાય સમારંભ

તા. ૩૦ નવેમ્બર, ૨૦૨૨ના રોજ યુનિવર્સિટીના જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન વિભાગના સેમિનાર હૉલ ખાતે સ્વેચ્છિક રીતે નિવૃત્ત થનાર જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન વિભાગનાં વડાશ્રી ડૉ. કલ્પનાબેન રાવ અને ભૌતિકશાસ્ત્ર વિભાગના સેવક શ્રી તેનસીહ સોલંકીની સંનિષ્ઠ સેવાઓને બિરદાવવા વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, યુનિવર્સિટીના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત કુલપતિશ્રી અને સ્વૈચ્છિક નિવૃત્તિ લેનાર કર્મચારી ડૉ. કલ્પનાબેન રાવ દ્વારા વડનું વૃક્ષારોપણ કરી કરવામાં આવ્યું. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા સ્વૈચ્છિક નિવૃત્તિ લેનાર કર્તવ્યનિષ્ઠ કર્મચારીઓને તેમનાં નિવૃત્તિ પછીનાં જીવનની અને સારાં આરોગ્યની શુભકામનાઓ પાઠવી હતી. નિવૃત્ત થનાર કર્મચારી જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન વિભાગનાં વડાશ્રી અને પ્રાધ્યાપક ડૉ. કલ્પનાબેન રાવ કે જેમણે ૩૦ વર્ષ ફરજ બજાવી હતી. ડૉ. કલ્પનાબેન રાવ સુરત અને સમગ્ર ગુજરાતમાં હાલમાં કાર્યરત અનેક નામી પત્રકારોના ગુરુ રહ્યાં છે. તેમનાં માર્ગદર્શનમાં અનેક પત્રકારોએ અભ્યાસ કર્યો છે. બહોળી સંખ્યામાં વિવિધ સમાચારપત્રો અને ઈલેક્ટ્રીક મિડિયાના પત્રકારો ઋણ સ્વીકાર કરવા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પણ તેમનાં ઘડતરના દિવસો યાદ કરી વિભાગીય વડાશ્રી ડૉ. કલ્પનાબેન રાવનો હૃદયપૂર્વક આભાર પ્રકટ કર્યો હતો. આ ઉપરાંત ભૌતિકશાસ્ત્ર વિભાગના સંનિષ્ઠ સેવક શ્રી તેનસીહ સોલંકીએ પણ સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી હોઈ તેઓને પણ શુભેચ્છા પાઠવવામાં આવી હતી. તેઓના કાર્યકાળનાં કામકાજનો છેલ્લો દિવસ હોવાથી બંને કર્મચારીઓને શાલ અને નર્મદજીની પ્રતિમા અર્પણ કરી સન્માનિત કર્યાં હતાં.











## રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગ દ્વારા રાષ્ટ્રીય કાર્યશાળા

રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગ દ્વારા જનજાતિ સંશોધન અસ્મિતા, અસ્તિત્વ અને વિકાસ પર તા. ૨૭–૨૮ નવેમ્બર, ૨૦૨૨ ના રોજ વિજ્ઞાન ભવન, નવી દિલ્હી ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં સમગ્ર દેશની વિવિધ યુનિવર્સિટીઓમાંથી કુલપતિશ્રીઓ, પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓને આમંત્રિત કરવામાં આવ્યા હતા. કાર્યશાળામાં અનુસુચિત જનજાતિ સમાજના સંદર્ભે વધુ સંશોધનો થાય અને અભ્યાસનાં તારણોની આપ–લે થાય, જનજાતિ સમાજની સાંસ્કૃતિક જીવનરીતિઓ, આર્થિક આજીવિકાની રીતોને કેન્દ્રમાં રાખી તેમનાં પ્રત્યે નિર્માણ થયેલ ઈમેજ અને રિયાલીટીને ઓળખવા પર ભાર મુકાયો. જનજાતિ સમુદાયનો સર્વાંગી વિકાસ ઝડપથી થાય તેના માટે જુદા જુદા અનુસુચિત જનજાતિ ક્ષેત્રમાં કાર્ય કરતી સંસ્થાઓના પ્રતિનિધિઓએ માર્ગદર્શન પૂરું પાડી ભવિષ્યની રણનીતિઓ જણાવી હતી.














આયોજીત કાર્યશાળામાં NCSTનાં ચેરમેનશ્રી હર્ષ ચૌહાણ, NCST ના સેક્રેટરી શ્રીમતિ અલ્કા તિવારીજી તેમજ NCST ના સદસ્ય અનંત નાયક દ્વારા માર્ગદર્શન પૂરું પાડયું હતું. આ સિવાય ICSSR ના ચેરમેન ડૉ. જે.કે.બજાજ અને યુ.જી.સી.ના ચેરમેન પ્રો. જગદેશ કુમાર દ્વારા સંશોધન ક્ષેત્રે જરૂરી સહયોગ કરવા પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી. આ કાર્યશાળા દરમ્યાન ICSSR ના ચેરમેનશ્રી ડૉ. જે.કે.બજાજે ઓફિશિયલ રીતે અનુસૂચિત જનજાતિઓનાં સંશોધનો માટે Special Call for Studies of the Culture, History and Geography of the Scheduled Tribes of India માટે દેશભરની યુનિવર્સિટીના પ્રાધ્યાપકોને અરજી કરવા આહવાન કર્યુ છે.

કાર્યશાળાના બીજા દિવસે રાષ્ટ્રપતિ ભવન ખાતે મહામહિમ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુજીના હસ્તે સ્વતંત્રતા સંગ્રામ મેં 'જનજાતિ નાયકો કા યોગદાન' પુસ્તકનું વિમોચન કર્યુ હતું. સાથે કાર્યશાળામાં સહભાગીઓને સંબોધન કર્યું હતું. માન. રાષ્ટ્રપતિએ અનુસૂચિત જનજાતિઓનુ ગૌરવશાળી ઈતિહાસ, સાંસ્કૃતિક, અસ્મિતાનું જતન કરી તેમના વિકાસ માટે

યુનિવર્સિટીઓ દ્વારા તમામ કક્ષાએ પ્રયાસો થાય તેના માટે હાકલ કરી છે. સાથે NCST દ્વારા જનજાતિઓનાં અસ્તિત્વ, અસ્મિતા અને વિકાસ માટેની આ એક હકારાત્મક શરુઆત ગણાવી હતી.

આયોજિત રાષ્ટ્રીય કાર્યશાળામાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાંથી કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, સિન્ડીકેટ સભ્યશ્રી વિમલભાઈ શાહ, પ્રો. ડૉ. જયદીપ ચૌધરી, ડૉ. દિપક ભોયે અને ડૉ. ધારાબેન ગામીત ઉપરાંત યુનિવર્સિટીના કુલ ૪ (ચાર) વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો હતો.

## યુનિવર્સિટી ફિલ્મ પ્રોડકશન પર ચાર દિવસીય વર્કશોપ





વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે તા. ૨૩ થી ૨૬ નવેમ્બર, ૨૦૨૨ સુધી જર્નાલીઝમ અને માસ કોમ્યુનિકેશન વિભાગમાં એમ.એ. (સેમ–૪)ના વિદ્યાર્થીઓ માટે ચાર દિવસીય 'ફિલ્મ પ્રોડકશન' વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીનાં સતત માર્ગદર્શન હેઠળ આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. આ વર્કશોપના નિષ્ણાત વકતાશ્રી પ્રતિક ભાલાવાલા કે જે સ્ક્રિપ્ટ લેખક તથા સિનેમેટોગ્રાફર છે. આ વર્કશોપ પ્રધાનમંત્રી અને સ્કીલ ડેવલોપમેન્ટ વિષય પર કરવામાં આવેલ હતું. આ વર્કશોપના ૪ દિવસ દરમ્યાન વિદ્યાર્થીઓને અવનવી જાણકારી આપવામાં આવી અને અલગ અલગ વસ્તુઓ સમજાવવામાં આવી તથા પ્રૅક્ટિકલ કરાવવામાં આવ્યું. વર્કશોપના પહેલા દિવસે કન્સેપ્ટ ડેવલોપમેન્ટ, બીજા દિવસે સ્ક્રિપ્ટ રાઈટિંગ અને લોકેશન, ત્રીજા દિવસે સિનેમેટોગ્રાફી શીખવ્યું અને પછી તેઓને વિભાગમાં ઇન્ડોર શુટીંગ સ્ટુડિયોમાં શુટીંગ શીખવવામાં આવ્યું, ચોથા દિવસે આઉટડોર શુટીંગ યુનિવર્સિટી કેમ્પસ અને અડાજણમાં કરાવવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ આ વર્કશોપનાં જીવંત ઉદાહરણોમાંથી ઘણું બધું શીખ્યું અને ખુબ ઉત્સાહથી તમામ પ્રવૃત્તિમાં સક્રિયતા બતાવી વર્કશોપને સફળ બનાવ્યો.

## ઓલ ઇન્ડીયા ઇન્ટર ઝોનલ કોમ્પીટીશન માટે કવોલિફાઈડ ખો–ખો (બહેનો) ની ટીમ







વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખો–ખો (બહેનો)ની ટીમ વેસ્ટઝોન આંતર યુનિવર્સિટી સ્પર્ધામાં ભાગ લેવા ડૉ. એચ. જી. વિશ્વવિદ્યાલય, સાગર (મધ્યપ્રદેશ) મુકામે ગઈ છે. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, મુંબઈ યુનિવર્સિટી, પુણે યુનિવર્સિટી તથા મરાઠાવાડા યુનિવર્સિટી ઔરંગાબાદ ઓલ ઇન્ડિયા ઇન્ટર ઝોનલ કોમ્પીટીશન માટે કવોલિફાઈડ થયેલ છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ટીમના કોચ તરીકે શ્રી સુનિલ મિસ્ત્રી અને મેનેજર તરીકે શ્રી ઉર્મિલા ગામીત સેવા આપી રહ્યાં છે. ઓલ ઈન્ડિયા ઈન્ટર ઝોનલ સ્પર્ધા પંજાબ યુનિવર્સિટી, પટિયાલા મુકામે યોજાનાર છે. તેમાં ખો–ખો(બહેનો) ની યુનિવર્સિટી ટીમ પોતાનું કૌશલ્ય પ્રદર્શિત કરશે.

ઉપરોકત સિદ્ધિ બદલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ.કે.એન.ચાવડા, બોર્ડ ઓફ સ્પોર્ટસના સભ્યો, સેનેટ સભ્યો, સિન્ડીકેટ સભ્યો તથા યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડ આ સફળતા બદલ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

**ખો–ખો (બહેનો) ની આંતર યુનિવર્સિટી ટીમ :**

૧. કુ. અર્પિતાબેન ગામીત (ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક્સ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત) ૨. કુ. જશના ગામીત (આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, વ્યારા) ૩. કુ. મયુરી ગામીત (ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક્સ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત) ૪. કુ. પ્રીયા ચૌધરી (આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, વ્યારા) ૫. કુ. ઓપિના ભીલાર (ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક્સ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત) ૬. કુ. ભાવના વસાવા (આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, વ્યારા) ૭. કુ. સુનિલા બરડે (આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, વ્યારા) ૮. કુ. કૈલાશ રાઈપરમાર (આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, વ્યારા) ૯. કુ. ભુમી ચૌધરી (આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, વ્યારા) ૧૦. કુ. કૃતિ ચૌધરી (આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, વ્યારા) ૧૧. કુ. પ્રીયા ચૌધરી (આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, વ્યારા) ૧૨. કુ. અમિતા ગામીત (સરકારી વિજ્ઞાન કૉલેજ, વ્યારા) ૧૩. કુ. શીવાની ચૌધરી (આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, વ્યારા) ૧૪. કુ. ગોપીબેન સભાડ (જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, અમરોલી) ૧૫. કુ. વંશીકા માલી (એસ.ડી.જૈન ઈન્ટરનેશનલ કૉલેજ, વેસુ)

**શ્રી વૈષ્ણવી વિદ્યાપીઠ વિશ્વવિદ્યાલય(ઈંદોર) ખાતે જનાર બાસ્કેટબોલ(બહેનો)ની ટીમ**



શ્રી વૈષ્ણવ વિદ્યાપીઠ વિશ્વવિદ્યાલય (ઈંદોર) ખાતે જનાર બાસ્કેટબોલ (બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમના શુભેચ્છા સમારંભમાં કુલપતિશ્રી ડૉ. કે. એન. ચાવડાનાં પ્રમુખ પદે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત–ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડ ખેલાડીઓનો પરિચય કરાવી આભારવિધિ કરી હતી. આ ટીમના કોચ તરીકે શ્રી. કરણ ગજ્જર અને મેનેજર તરીકે પ્રો. ભારતી પામનાર સેવા આપી રહ્યાં છે.

**બાસ્કેટબોલ (બહેનો) ની આંતર યુનિવર્સિટી ટીમ :**

૧. કુ. કશીશ સોરઠીયા (એમ.ટી.બી. આર્ટસ કૉલેજ, સુરત) ૨. કુ. પ્રીત ગ્રોવર (એસ.પી.બી.ઇંગ્લીશ મિડીયમ કૉલેજ, સુરત) ૩. કુ. રુત્વી કનોજીયા (શ્રી જે. બી. ધારુકાવાલા, સુરત) ૪. કુ. નેહલ પોદ્દાર (એસ. ડી. જૈન ઇન્ટરનેશનલ કૉલેજ, વેસુ) ૫. કુ. ઊષા માલી (શ્રી જે. બી. ધારુકાવાલા, સુરત) ૬. કુ. દીવ્યાંગી શેટ્ટી (એસ. ડી. જૈન ઇન્ટરનેશનલ કૉલેજ, વેસુ) ૭. કુ. તનુશ્રી જૈન (ડી.આર.બી. એન્ડ બી.સી.આર. કૉલેજ, ભરથાણા) ૮. કુ. દીક્ષીતા જીકાદ્યા (ઈવનીગ કોમર્સ કૉલેજ, સુરત) ૯. કુ. વંશિતા સાલુકે (ઈવનીગ કોમર્સ કૉલેજ, સુરત) ૧૦. કુ. રીધ્ધી પટેલ (ડિપાર્ટમેન્ટ ઓફ ફીઝીક્સ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત) ૧૧. કુ. ઉર્વી ચાવડા (ઈવનીગ કોમર્સ કૉલેજ, સુરત) ૧૨. કુ. હની લોઢા (ડી.આર.બી. એન્ડ બી.સી.આર. કૉલેજ, ભરથાણા).

**સંત ગાડજે બાબા અમરાવતી યુનિવર્સિટી(અમરાવતી) ખાતે જનાર કબડ્ડી (બહેનો)ની ટીમ**




સંત ગાડજે બાબા અમરાવતી યુનિવર્સિટી (અમરાવતી) મુકામે આંતર યુનિવર્સિટી કબડ્ડી (બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડાનાં પ્રમુખ પદે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત–ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડ ખેલાડીઓનો પરિચય કરાવી આભારવિધિ કરી હતી. આ ટીમના કોચ તરીકે શ્રી. કરણ ગજ્જર અને મેનેજર તરીકે પ્રો. ભારતી પામનાર સેવા આપી રહ્યાં છે.

**કબડ્ડી (બહેનો) ની આંતર યુનિવર્સિટી ટીમ :**

૧. કુ.શ્વેતા દુબે (ડી.આર.બી. એન્ડ બી.સી.આર કૉલેજ, ભરથાણા) ૨. કુ. ઉર્મિલા સાહુ (અંબાબા કોમર્સ કૉલેજ સાબરગામ) ૩. કુ. નીશા યાદવ (એમ.ટી.બી. આર્ટસ કૉલેજ, સુરત) ૪. કુ. અંજલી રાજપૂત (નવયુગ કોમર્સ કૉલેજ, સુરત) ૫. કુ. બ્રીદા ગામીત (આર્ટસ એન્ડ કોમર્સ

કૉલેજ, વ્યારા) ૬. કુ. યશીકા પટેલ (સર કે.પી.કૉલેજ ઓફ કોમર્સ) ૭. કુ. બીનલ ગામીત (આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, વ્યારા) ૮. કુ. આરતી મકવાણા (આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, વ્યારા) ૯. કુ. પ્રીયંકા ચૌધરી (આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, વ્યારા) ૧૦. કુ. ભાવના મહલા (આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, વ્યારા) ૧૧. કુ. શીતલ મહલા (આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, વ્યારા) ૧૨. કુ. પુજાદેવી મીશ્રા (જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી)


## બ્રોડવે ઈન્ટરનેશનલ સ્કુલ દ્વારા યુનિવર્સિટી કેમ્પસની મુલાકાત






તા. ૨૮/૧૧/૨૦૨૨ના રોજ બ્રોડવે ઇન્ટરનેશનલ સ્કુલના આર્ટસ અને કોમર્સ વિભાગના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસની વિઝીટ કરવામાં આવી. યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના સાથ સહકારથી આ આયોજન કરવામાં આવ્યું હતું. તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ વિદ્યાર્થીઓને તેમના શબ્દો દ્વારા યુનિવર્સિટીની ઝાંખી કરાવતા વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના ઈતિહાસ વિશે, વિવિધ વિભાગો વિશે તથા યુનિવર્સિટીના કાર્ય માળખા વિશે જાણવા મળ્યું. આ શૈક્ષણિક મુલાકાતમાં બ્રોડવે ઇન્ટરનેશનલ સ્કુલના શિક્ષકો કાઉન્સેલિંગ સાયકોલોજીસ્ટ જેનીશ ખન્ના, ફેકલ્ટી ઓફ એન્ટ્રોપ્રીન્યરશીપ નિખિલ જૈન, ફેકલ્ટી ઓફ એકાઉન્ટન્સી શાલુ અગ્રવાલ વિદ્યાર્થીઓનાં માર્ગદર્શક બન્યાં હતાં. આ શૈક્ષણિક મુલાકાતનો હેતુ યુનિવર્સિટીનો ઈતિહાસ જાણવા માટે, તેમજ સંબંધિત ક્ષેત્રો માટે વહીવટી કામગીરી અને શૈક્ષણિક તકો વિશે જાણવા માટેનો હતો. આ શૈક્ષણિક મુલાકાતમાં સ્કુલની ટીમે કેટલાક વિભાગોની મુલાકાત પણ લીધી અને આ સમગ્ર મુલાકાત દરમ્યાન યુનિવર્સિટીના કોમર્સ વિભાગના અધ્યાપકશ્રી તેમના માર્ગદર્શક બન્યા હતા અને વાણિજ્ય વિભાગ ખાતે શાળાના બાળકોને ચા-નાસ્તો કરાવી આતિથ્ય સત્કાર પણ કરવામાં આવ્યો હતો.

## ભગવાન બિરસા મુંડાનો જન્મ દિવસ








વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા તા. ૧૫ નવેમ્બર, ૨૦૨૨ના રોજ ભગવાન બિરસા મુંડા જન્મ જયંતિ નિમિત્તે 'જનજાતીય ગૌરવ દિવસ'ની ઉજવણીના ભાગ રૂપે 'સ્વતંત્ર સંગ્રામમાં જનજાતિ નાયકોનું યોગદાન' વિષય પર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સમાજશાસ્ત્ર વિભાગના નીચે મુજબના વિદ્યાર્થીઓએ ભાગ લઈ દ્વિતિય અને તૃતિય ક્રમ પ્રાપ્ત કરેલ છે. તે અંગે સમાજશાસ્ત્ર વિભાગ અને અધ્યાપકોએ ગર્વની લાગણી અનુભવી હતી અને વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

| ક્રમ | નામ | મેળવેલ ક્રમ |
|---|---|---|
| ૧. | અંકિત ગોવિંદભાઈ વસાવા | દ્વિતિય |
| ૨. | માર્ટીન અશોકભાઈ ગામીત | તૃતિય |

## કૉલેજ ન્યૂઝ

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

#### કારકિર્દી માર્ગદર્શન સેમીનાર



તા. ૧૧/૧૧/૨૦૨૨ને શુક્રવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીનાં ભૂતપુર્વ વિદ્યાર્થી મંડળ (Alumni Association) દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામા આવ્યું હતું. જેમાં કૉલેજના ભૂતપુર્વ વિદ્યાર્થીઓ શ્રી સાગરભાઈ ગારીયાધાર, શ્રી કિષ્નાબેન ઘાનાની તથા CA ભુમિ શાહ દ્વારા વિદ્યાર્થીઓને UPSC, GPSC, અન્ય સ્પર્ધાત્મક પરિક્ષાઓ તેમજ ચાર્ટડ એકાઉન્ટની પરિક્ષાની તૈયારી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, ભૂતપુર્વ વિદ્યાર્થી મંડળનાં ચેરમેન ડૉ. સેજલ દેસાઈ તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.

#### પ્રથમ ઈનામ વિતરણ કાર્યક્રમ

તા. ૨૩–૧૧–૨૦૨૨ના રોજ જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા. પ્રિ. ડૉ. રાજેશકુમાર ડી. રાણાનાં માર્ગદર્શન હેઠળ રમત–ગમત, એન.એસ.એસ. અને હેકકાથોન–૨૦૨૨ની પ્રવૃતિઓના તેજસ્વી, પ્રતિભાશાળી તથા ઉલ્લેખનીય સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થી ભાઈ– બહેનોનો ઈનામ વિતરણ સમારંભ રાખવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે સિન્ડિકેટ સભ્યશ્રી કિરણભાઈ ઘોઘારી, ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખશ્રી રમેશભાઈ વઘાસિયા, એલાયન્સ કલબ્સ ઈન્ટરનેશનલના ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ એલાય ભૂપેન્દ્રભાઈ ચાહવાલા, શ્રી કમલેશભાઈ ગાંધી, ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ વી. શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી ભાનુકુમાર શાહ, સભ્યશ્રી ડૉ. મહેન્દ્રકુમાર સોલંકી, આચાર્યશ્રી દિલિપભાઈ પરમાર, આચાર્ય શ્રીમતી સેજલબેન પટેલ તથા વિદ્યાર્થીઓના વાલીશ્રીઓ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સમારંભની શુભ શરૂઆત એસ.વાય.બી.એ.ની વિદ્યાર્થિની કું. જાનવી ચૌહાણે પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાએ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનશ્રીઓનો શબ્દ દ્વારા આવકાર તથા ડૉ. સેજલબેન દેસાઈએ પરિચય આપ્યો હતો. ઉપસ્થિત મહેમાનશ્રીઓએ વિવિધ પ્રવૃત્તિઓમાં સફળતા મેળવવા બદલ કૉલેજ પરિવાર અને વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યાં હતાં. કાર્યક્રમમાં રમત–ગમતના કુલ ૪૫, NSSના કુલ ૪૯ અને ઇનોવેશન કલબના કુલ ૦૭ વિદ્યાર્થીઓને ટ્રોફી અને ઈનામો આપવામાં આવ્યાં હતાં. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહપૂર્ણ રહ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન શૈક્ષણિક તેમજ વહીવટી સ્ટાફ દ્વારા, ઈનામ વિતરણ સંચાલન, ડૉ.આર.એન. સદરી, શ્રી કે.આર.સોલંકી અને તેમની ટીમ તેમજ ઉદ્દઘોષક તરીકેની સેવા પ્રા. ડૉ. બળવંતભાઇ ઢીમ્મર અને પ્રા.ડૉ.ઝંખનાબેન પરમારે બજાવી હતી. આભારવિધિ પ્રા.ડૉ.ઝંખનાબેન પરમારે કરી હતી. ઇનામોની જાહેરાત ડૉ.આર.અને. સદરી, પ્રા.જે.બી.ચૌધરી અને પ્રા.નિધિબેન વેકરીયાએ કરી હતી. કાર્યક્રમને અંતે રાષ્ટ્રગાન કરવામાં આવ્યું હતું.







## દ્વિતીય ઈનામ વિતરણ કાર્યક્રમ





તા. ૨૪/૧૧/ ૨૦૨૨ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઈ.ચા. આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ એન.સી.સી. અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના વિદ્યાર્થીઓની તેજસ્વી, પ્રતિભાશાળી તથા ઉલ્લેખનીય સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થી ભાઈ–બહેનોનો ઈનામ વિતરણ સમારંભ રાખવામાં આવ્યો હતો. મુખ્ય મહેમાન તરીકે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ.કિશોરસિંહ એન. ચાવડા, એલાયન્સ કલબ્સ ઈન્ટરનેશનલના ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ એલાય ભુપેન્દ્રભાઈ ચાહવાલા, જીવન જ્યોત ટ્રસ્ટના મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ તથા વિદ્યાર્થીઓના વાલીશ્રીઓએ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સમારંભની શુભ શરૂઆત એસ.વાય.બી.એ.ની વિદ્યાર્થિની કું. જાનવી ચૌહાણે પ્રાર્થનાથી કરી હતી. ઈ.ચા. પ્રિ. ડૉ. રાજેશકુમાર ડી. રાણાએ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ મહેમાનશ્રીઓનો શબ્દ દ્વારા આવકાર તથા ડૉ. સેજલબેન દેસાઈએ પરિચય આપ્યો હતો. ઉપસ્થિત મહેમાનશ્રીઓએ વિવિધ પ્રવૃત્તિઓમાં સફળતા મેળવવા બદલ કૉલેજ પરિવાર અને વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યાં હતાં. આ કાર્યક્રમમાં એન.સી.સી.ના કુલ ૬૨ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના કુલ ૬૭ વિદ્યાર્થીઓને ટ્રોફી અને ઈનામો આપવામાં આવ્યાં હતાં. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહપુર્ણ રહ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શૈક્ષણિક તેમજ વહીવહી સ્ટાફે, ઈનામ વિતરણ સંચાલન શ્રી કે.આર.સોલંકી અને તેમની ટીમે તથા ઉદ્‌ઘોષક તરીકે સેવા પ્રા. ડૉ. ચિરાગ કે. સિધ્ધપુરિઆ તેમજ પ્રા.શ્વેતાબેન પટેલે બજાવી હતી. આભારવિધિ પ્રા.એચ.બી.પટેલે કરી હતી. ઈનામોની જાહેરાત પ્રા.એચ.ડી.દવે, પ્રા.જે.બી.ચૌધરી, પ્રા.એન. બી. બારીયો, પ્રા. એસ.પી. જરીવાલા અને ડૉ.કે.એ. પટેલે કરી હતી.

## સેમીનાર





જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં તા. ૩૦ નવેમ્બર, ૨૦૨૨ને બુધવારના રોજ બેંક એરા એકેડમીના સહકારથી ઈ.ચા. આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાનાં માર્ગદર્શન હેઠળ 'બેન્કિંગ અને ફાઈનાન્સમાં કારકિર્દી'ના સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ હતું, જેમાં મુખ્ય વક્તા તરીકે શ્રી મનોજસિંઘ કોર અને શ્રીમતી અમરપ્રીત કોરે હાજર રહી વિદ્યાર્થીઓને બેન્કિંગ અને ફાઈનાન્સ ક્ષેત્રે કારકિર્દી ઘડવા વિષે ઓડિયો વિઝ્યુઅલ દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મહેમાન તરીકે શ્રી વૈભવ મેર પણ હાજર રહ્યા હતા. ઈ.ચા. પ્રિ. ડૉ. રાજેશકુમાર ડી. રાણાએ શબ્દો દ્વારા અને પ્રા.ડૉ.ઝંખનાબેન પરમાર, પ્રા.ડૉ.કૃતિબેન પટેલે પુસ્તકો દ્વારા મુખ્ય વક્તાઓ અને મહેમાનોનું સ્વાગત કર્યું હતું.

કાર્યક્રમની શરૂઆત પ્રા. બરખાબેન દેસાઈ દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ઉપસ્થિત સર્વે મહેમાનોનો પરિચય પ્રા. મેઘા મહેતાએ કરાવ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ અને ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. કૉલેજના NSS અને NCC સહિત ૪૦૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન પ્રા. સંદીપભાઈ કલસરિયા, પ્રા. શ્વેતાબેન ગોલકીયા, પ્રા. શિવાનીબેન રાજપૂત, પ્રા. રાજભાઈ ડુમાસિયા અને પ્રા. ભ્રાતીબેને કર્યું હતું.

## પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

### જનજાતિ ગૌરવ દિવસની ઉજવણી



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ) તેમજ સુટેક્ષ કૉલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં મહાન સ્વતંત્રતા સેનાની ક્રાંતિવીર ભગવાન બિરસા મુંડાની ૧૪૬મી જન્મ જયંતિ નિમિત્તે તેમજ જનજાતિ ગૌરવ દિવસ નિમિત્તે કૉલેજમાં વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભગવાન બિરસા મુંડાજીની જીવનચરિત્ર ઉપર બી.બી.એ., બી.સી.એ. અને બી.કોમ.ના ૪૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો, જેમાં પ્રથક ક્રમાંક દેસાઈ પ્રતિકા વી. (એસ.વાય.બી.બી.એ) અને પટેલ શ્રૃષ્ટિ ડી. (એસ.વાય.બી.કોમ.), દ્વિતિય ક્રમાંક ઓઝા વનિતા એન. (એસ.વાય.બી.બી.એ.) અને અગ્રવાલ પારસ ડી. (એસ.વાય.બી.કોમ), તૃતિય ક્રમાંક ગામીત શૈલીના એ. (એફ.વાય.બી.બી.એ) અને વાડી ભકિત એ. (એસ.વાય.બી.કોમ) એ પ્રાપ્ત કરેલ હતું.

આ કાર્યક્રમમાં આચાર્યશ્રી ડૉ. મુકેશ આર. ગોયાણી દ્વારા વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જજ તરીકે ડૉ. ચક્ષુ શાહ, ડૉ. અનિલા પિલ્લાઈ, પ્રા. ભરત બસરાનીએ સેવા આપી હતી. બી.કોમ. કો–ઓર્ડિનેટર પ્રા. ધારીત નાયક, બી.સી.એ. કો–ઓર્ડિનેટર ડૉ. જૈમીન શુકલા, બી.બી.એ. કો–ઓર્ડિનેટર ડૉ. સ્વાતી મહેતાએ વકતવ્ય આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ. પ્રશાંત પટેલ દ્વારા કરવામાં આવ્યું.

### ભારતીય રીઝવ બેંક લોકપાલ કાર્યક્રમ

જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ) તેમજ સુટેક્ષ કૉલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૨૩/૧૧/૨૦૨૨ના રોજ ભારતીય રીઝવ બેંક લોકપાલ અંગે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે RBI અમદાવાદના મેનેજર શ્રી ભૂપેન્દ્રભાઇ ત્રિપાઠી અને શ્રી ચંદ્રકાંતભાઇ, તેમજ RBI અમદાવાદ સ્ટાફ શ્રી મહેશભાઇ અને શ્રી કરણભાઇ તથા વરાછા કો–ઓ. બેંકના CEO શ્રી વિઠ્ઠલભાઇ ધાનાણી, વરાછા કો–ઓ. બેંક એડમીનીસ્ટ્રેટર શ્રી અંકિતભાઇ ડોબરીયા હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમ્યાન વક્તા શ્રી ભૂપેન્દ્રભાઇ ત્રિપાઠી અને શ્રી ચંદ્રકાંતભાઇ, શ્રી વિઠ્ઠલભાઇ ધાનાણી, તેમજ કોલેજના આચાર્યશ્રી ડૉ. મુકેશભાઈ ગોયાણીએ નાણાકીય છેતરપિંડી કરનારાઓની કાર્યપ્રાણાલી અંતગત ફિંશિગ લિંક, ઓનલાઇન વેચાણ મંચોનો ઉપયોગ કરી કરવામાં આવતી ઠગાઇઓ અજાણી/અણયકાસેલી મોબાઇલ એપ્સનો ઉપયોગ કરવાથી થતી ઠગાઇ, એટીએમ કાર્ડ શીધ્રપઠન, સીમ સ્વેપ–સીમ ક્લોનીળગ, સર્ચ એન્જીન થકી પરિણામો પર પોતાના સ્વ–પરીચયની વિગતો આપવાથી થતી ઠગાઇઓ કયુઆર કોડ સ્કેન, સોશયલ મીડિયા પર ઠગાઇ, લોટરી ઠગાઈ, ઓનલાઇન નોકરી ઠગાઇઓ, લોન આપવા માટેની બનાવતી જાહેરાતો અને એપ ઠગાઇઓ નકલી દસ્તાવેજો પર લોન એસએમએસ/ઇ–મેલ/કોલ કૌભાંડ, ઓટીપી આધારિત ઠગાઇઓ જેવી વિવિદ્ય બાબાતો અંગે માહિતી અને સાવચેતીનાં પગલાં લેવા અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

સમગ્ર કાર્યક્રમ કોલેજના આચાર્યશ્રી ડૉ. મુકેશભાઈ આર. ગોયાણીનાં માર્ગદર્શન હેઠળ બીબીએ વિભાગનાં કો–ઓર્ડિનેટર ડૉ. સ્વાતી મહેતા તેમજ પ્રાધ્યાપક શ્રી શોયેબ જીદાણી દ્વારા સંચાલન કરવામાં આવ્યુ હતું. અંતે રાષ્ટ્રગીતથી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.






## અદાણી, હઝીરા પોર્ટની મુલાકાત




જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ) તેમજ સુટેક્ષ કૉલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલી ચાલતાં અભ્યાસક્રમ પૈકી બી.બી.એ. વિભાગ દ્વારા અદાણી ફાઉન્ડેશનના 'પ્રોજેકટ–ઉડાન' અંતર્ગત ટી.વાય. બી.બી.એ.ના ૫૦ જેટલા વિદ્યાર્થીઓ અને ૦૨ પ્રાધ્યાપકો માટે તા. ૨૬ નવેમ્બર ૨૦૨૨ના રોજ અદાની પોર્ટ, હઝીરાની મુલાકાત ગોઠવવામાં આવી હતી. આ મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓને પોર્ટ મેનેજમેન્ટ, પોર્ટની વિવિધ મશીનરી, ૨૧૯ જેટલા ટેંક તેમજ અન્ય વિવિધ બાબતો અંગે વિશેષ માહિતી અને તેની પ્રક્રિયાઓની સંપૂર્ણ સમજ અદાણી પોર્ટ, હઝીરાનાં પ્રોજેકટ કો–ઓર્ડિનેટર ક્રિષ્નાબેન દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.

'ઈનોવેટીવ ટીચીંગ'ના ભાગ રૂપે વિદ્યાર્થીઓમાં મોટાપાયે વ્યાવસાયિક કામગીરીની સમજ, જીવનમાં મોટાં સ્વપ્ન જોવાની પ્રેરણા, યુવા પેઢીને આવતીકાલના ઉદ્યમી, નવીનતા અને સિદ્ધિ મેળવનાર બનાવવામાં મદદ કરે માટે કૉલેજ દ્વારા કંપનીઓની મુલાકાત લઈ આવા નવીનતર પ્રયોગ સતત કરવામાં આવે છે.

આ સમગ્ર કાર્યક્રમ અને મુલાકાતનું આયોજન કૉલેજ આચાર્યશ્રી ડૉ. મુકેશ આર. ગોયાણી, બી.બી.એ. કો–ઓર્ડિનેટર ડૉ. સ્વાતિ મહેતાનાં માર્ગદર્શન હેઠળ પ્રા. રાકેશ પટેલ અને પ્રા. શ્વેતા રાજપુત દ્વારા સફળ રીતે કરવામાં આવ્યું હતું.

## BCA Winter Session એડમીશન

સરકારશ્રીની નવી એજ્યુકેશન પોલીસીમાં બી.સી.એ. વિંટર સેશન શરૂ કરનાર માત્ર એક કૉલેજ જીવનજ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ, અમરોલીમાં શૈક્ષણિક વર્ષ જાન્યુઆરી–૨૦૨૩માં પ્રવેશ મેળવવા અંગે વીર નર્મદ દક્ષિણ ગુજરાત, સુરત દ્વારા ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરાવવામાં આવ્યાં હતાં, જેનુ મેરીટ લીસ્ટ જાહેર થતાં જ એડમીશન લેવા માટે વિદ્યાર્થીનો ઘસારો થયો હતો અને પ્રવેશ પ્રક્રિયા શરૂ થતાંની સાથે જ બીજા દિવસે તમામ સીટ ભરાઇ ગયેલ છે. બી.સી.એ. વિંટરમાં પ્રવેશ લેનાર તમામ વિદ્યાર્થીને સંપૂર્ણ કોર્સ પ્રથમ સેમેસ્ટરથી જ હોય છે. બી.સી.એ. વિંટરમાં સારા એવા પ્રમાણમાં વિદ્યાર્થીઓ રસ લઇ રહ્યા છે. વિદ્યાર્થીના ઘસારાને ધ્યાને લઇ કૉલેજ સંચાલક મંડળ દ્વારા બીજો વર્ગ શરૂ કરવા અંગે યુનિવર્સિટીની મંજુરી માંગવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. વિદેશમાં જવા માંગતા વિદ્યાર્થીઓને બી.સી.એ. વિંટર સૌથી મોટો ફાયદો મળી શકે છે.

## શિક્ષક સજ્જતા કાર્યક્રમ



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ) તેમજ સુટેક્ષ કૉલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૩૦/૧૧/૨૦૨૨ના રોજ નવી શિક્ષણનીતિ–૨૦૨૦ અંર્તગત કૉલેજના અધ્યાપકો માટે શિક્ષક સજ્જતા કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય વકતા તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિના, કોમ્પ્યૂટર સાયન્સ વિભાગના વડા ડૉ. અપૂર્વ દેસાઇ હાજર રહ્યાં હતા. શ્રી રમેશદાન ગઢવીએ વિદ્યાર્થીનાં ઘડતરમાં શિક્ષકોનો ફાળો અને વર્તમાનમાં સમાજમાં શિક્ષકોનાં સ્થાન વિશે વિસ્તૃત માહિતી સાથે ચર્ચા કરી હતી. ડૉ. અપૂર્વ દેસાઇએ સંશોધનની અસરકારકતા વધારવા પર ભાર મુકતા અધ્યાપકોને ક્વોલિટી રીસર્ચ કરવા માટે પ્રોત્સાહિત કરી, રીસર્ચ માટે લાઇબ્રેરીના મહત્તમ ઉપયોગ પર વિશેષ ભાર મૂકયો હતો. કાર્યક્રમના અંતે વકતાશ્રીઓને મોમેન્ટો આપી કૉલેજના આચાર્યશ્રીએ આભાર માન્યો હતો. આ શિક્ષક સજ્જતા કાર્યક્રમમાં કૉલેજના ૬૦ જેટલા અધ્યાપકોએ ભાગ લીધો હતો. આચાર્યશ્રી ડૉ. મુકેશ આર. ગોયાણીનાં માર્ગદર્શન હેઠળ

બીબીએ, બી.કોમ. અને બીસીએ કો–ઓર્ડિનેટરશ્રીઓ તેમજ પ્રા. ભરત બસરાની તથા ડૉ. વિરલ પોલીસવાળા દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતુ. અંતે રાષ્ટ્રગીતથી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## નવયુગ કોમર્સ કૉલેજ, સુરત.

### યુનિવર્સિટીની ટીમમાં પસંદગી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા કબડ્ડી બહેનોની પસંદગી આર્ટ્સ એન્ડ કોર્મસ કૉલેજ વ્યારા ખાતે રાખવામાં આવી હતી. તેમાં નવયુગ કોર્મસ કૉલેજની બે ખેલાડીઓ કું. અંજલી એ. રાજપુત, કું. મેહર પી.ચૌધરીએ ભાગ લીધો હતો. જેમાં ખેલાડી કુ. અંજલી એ. રાજપુતની યુનિવર્સિટીની ટીમમાં પસંદગી થઇ છે. તેઓ અમરાવતી યુનિવર્સિટી ખાતે રમવા ગયાં હતાં. આ ખેલાડીઓને કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઇ એન. પટેલ, શારીરિક શિક્ષણના પ્રા. સી. કે. અસારિયા તેમજ કૉલેજ પરિવારે અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી.





### બહેનોની ટેકવાન્ડો સ્પર્ધા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા બહેનોની ટેકવાન્ડો સ્પર્ધા તેમજ યુનિવર્સિટી ટીમ પસંદગી શ્રી. જે. બી. ધારુકાવાલા મહિલા આર્ટ્સ કૉલેજ, સુરત ખાતે રાખવામાં આવી હતી. તેમજ ભાઈઓની નારણ લાલા કૉલેજ ઓફ કોર્મસ એન્ડ મેનેજમેન્ટ નવસારીમાં રાખવામાં આવી હતી. આ સ્પર્ધામાં કું. હર્મિ બીપીનભાઈ ઝડફિયા ૬૭ કિલો ગ્રુપમાં પ્રથમ ક્રમે આવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો, શ્રી. પ્રીત મનોજભાઈ શાહ ૬૮ કિ.ગ્રા. ગ્રુપમાં સિલ્વર મેડલ તેમજ કું. હર્મિ બીપીનભાઈ ઝડફિયા ૬૭ કિલો ગ્રુપમાં પ્રથમ ક્રમે આવી યુનિવર્સિટીની ટીમમાં પસંદગી થઇ હતી. આ ખેલાડીઓને કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઇ એન. પટેલ, શારીરિક શિક્ષણના પ્રા. સી.કે.અસારિયા તેમજ કૉલેજ પરિવારે ખેલાડીને અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી.



## સત્યમ કૉલેજ ઓફ એજ્યુકેશન, ભરૂચ.

### મતદાર જાગૃતિ કાર્યક્રમ




તપોવન સંસ્કાર કેન્દ્ર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓના ઉપક્રમે તા. ૨૨–૧૧–૨૦૨૨ના રોજ તપોવન સંકુલમાં મતદાર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. દિવ્યેશભાઈ પરમાર શિક્ષણ નિરીક્ષણ, ભરૂચ જિલ્લો, ભરૂચ તેમજ સંસ્થાનાં નિયામક શ્રી જાગૃતિબેન પંડયા, નવજીવન વિદ્યાલયનાં આચાર્યશ્રી તથા નર્મદા સંસ્કૃતવેદ પાઠશાળા ટ્રસ્ટીશ્રી કીર્તિબેન જોશી ઉપસ્થિત રહ્યાં હતાં.

કાર્યક્રમની શરૂઆત બી.એડ્.ની વિદ્યાર્થિનીઓ દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ મહેમાનશ્રીઓના વરદ્હસ્તે દિપપ્રાગટય કરવામાં આવ્યું. સ્વાગત પ્રવચન તથા પરિચય પ્રાધ્યાપક ડૉ. નીલેશભાઈ ઉપાધ્યાય દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમના મુખ્ય મહેમાનશ્રી ડૉ. દિવ્યેશભાઈ પરમારે પોતાનાં વકતવ્યમાં જણાવ્યું કે, મતદાન કરવું એ આપણા સૌની પ્રથમ જવાબદારી છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ એ છે કે લોકોમાં મતદારની જાગૃતિ વધે અને વધુમાં વધુ મતદાર થાય. લોકોએ પોતાની ફરજ સમજીને દરેક લોકો એ મતદાર કરવા જવું જોઈએ. તેઓએ

ચૂંટણી, લોકશાહી તથા મતદાનનું મહત્ત્વ સમજાવી કેટલાક પ્રશ્નો દ્વારા વિદ્યાર્થીઓને મતદાન માટે પ્રોત્સાહિત કર્યા.

વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં પ્રેરિત થાય અને બીજાને પણ વોટ આપવા માટે પ્રરિત કરે તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. ત્યારબાદ સૌને મતદાન કરવાની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી અને બધાને મતદાન કરવા જાય તેવું જણાવવામાં આવ્યું. અંતે હું મતદાન કરીશ નિર્દિષ્ટ બોર્ડ પર તમામ લાભાર્થીઓની સહી કરાવવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રાધ્યાપક અમિતા યાદવ તથા ઉર્વશી ચોહાણ દ્વારા કરવામાં આવ્યું હતું.

## જે.પી.પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, પારડી.

### મતદાન જાગૃતિ અભિયાન







જે. પી. પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, કિલ્લો–પારડીનાં એન.એસ.એસ. યુનિટ દ્વારા 'આઝાદી કા અમૃત મહોત્સવ'ના ભાગરૂપે 'મતદાન જાગૃતિ' અભિયાન હેઠળ મતદાન જાગૃતિના સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.


એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મણીબેન સોલંકી દ્વારા કૉલેજના વિદ્યાર્થીઓ અને કૉલેજના સ્ટાફ પાસે મતદાન કરવાનો સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો. ત્યારબાદ વિદ્યાર્થીઓને મતદાનનું મહત્ત્વ, મતદાન કરવું શા માટે જરૂરી છે ? વગેરે બાબતો વિશે સમજણ આપવામાં આવી. ગામ, ફળિયા, મહોલ્લા, સોસાયટી વગેરેના તમામ લોકોને પણ મતદાન કરવા પ્રેરિત અને જાગૃત કરવાના શપથ લેવડાવવામાં આવ્યા.


## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara.

### Celebration of Rashtriya Ekta Divas

C. N. Kothari Homoeopathic Medical College & Research Center, Vyara had Organised an online Meeting for all the faculty member to celebrate 'Rashtriya Ekta divas' on 31/10/2022.

After the welcome speech by Dr. Anjali Sindhi, Principal Dr. Jyoti Rao spoke on this occasion then the pledge 'Rashtriya Ekta Divas Sapath' was taken by everyone present in the meeting. This whole Program was conducted by activity Committee under the guidance of Principal Dr. Jyoti Rao.



## Competition





C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara had arranged an elocution competition & Drama competition named 'Mai bhi Laxmi' on the occasion of the birth anniversary of Rani Laxmi Bai in association with Rashtriya seva samiti Tapi district on 29th of November, 2022 with the coordination of Mrs. Rupalben Keyurbhai Shah (Kachwala). Ms. Artiben Prajapati - Chemical Engineer, Rastra Sevika Samiti (Gujarat Prant - Taruni Pramukh) was Chief Guest of the event. 1st & 2nd B.H.M.S. students participated in the competition. Winners were awarded with Trophies & Certificates. All participants were also given a certificate of participation. The whole Programme was coordinated by the Activity Committee under the guidance of Principal Dr. Jyoti Rao.

**Winners :**

| Prize | Group/Student Name | Year/Course |
|---|---|---|
| **Drama Competition:** | | |
| First | Siddhi & Group | 1st yr. BHMS |
| **Elocution competition:** | | |
| First | Daksha Sevalkar | 2nd yr. BHMS |
| Second | Sneha Pandidar | 1st yr. BHMS |
| Third | Siddhi Bhathawala | 1st yr.BHMS |

## Udhna Citizen Commerce College & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Udhan, Surat.

### ગરબા સ્પર્ધા





ઉધના કૉલેજમાં સાંસ્કૃતિક સમિતિ અંતર્ગત તા. ૧/૧૦/૨૦૨૨ના રોજ નવરાત્રી ઉજવણીના ભાગ રૂપે ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં બેસ્ટ એકશન (ફિમેલ)માં જરીવાલા ધ્રુવી (B.Com)ને પ્રથમ, ગાવલી તનિષ્કા (BCA)ને દ્વિતીય અને રંઘોળીયા પ્રિન્સી (BCA)ને તૃતીય ક્રમ પ્રાપ્ત થયો હતો. બેસ્ટ એકશન (ભાઈઓ)માં ગાયકવાડ દિપક (B.Com.)ને પ્રથમ, માહિરે સતીષકુમાર (B.Com)ને દ્વિતીય અને શાહ ફેનિલ (B.Com)ને તૃતીય ક્રમ પ્રાપ્ત થયો હતો. બેસ્ટ કોસ્ચ્યુમ (બહેનો)માં મોદી વલ્લારી (BBA)ને પ્રથમ, રાજપૂત પ્રિયા (B.Com)ને દ્વિતીય અને લોઢા ખુશી (B.Com)ને તૃતીય ક્રમ પ્રાપ્ત થયો હતો. બેસ્ટ કોસ્ચ્યુમ (ભાઈઓ)માં પુરોહિત રાહુલ (BBA)ને પ્રથમ, સાવલિયા કુંજ (BCA)ને દ્વિતીય અને દિક્ષિત ધાનાણી (B.Com)ને તૃતીય ક્રમ પ્રાપ્ત થયો હતો. ઓવરઓલ પરફોર્મન્સમાં બરફવાળા પૂજા (BCA) અને હર્ષ બિસ્વાલ (B.Com)ને વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતાં. આ સ્પર્ધાનાં સંચાલક પ્રા. પ્રીતિ પટેલ અને પ્રા. માધુરી ભાયાવાલા દ્વારા કૉલેજ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઈઝી તેક્કનાલ, ડૉ. મનિષ કાયસ્થ, કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડિયાળી અને સાંસ્કૃતિક સમિતિનાં હેડ ડૉ. ત્વિષા પરમારનો

માર્ગદર્શન અને પ્રેરણા બદલ આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રતિક પંડયા અને અનિકેત બંદજીએ સેવા આપી હતી.

## UCCPL ઉદ્‌ઘાટન કાર્યક્રમનું આયોજન






ઉધના કૉલેજની સ્થાપનાનાં ૨૦ વર્ષ પૂર્ણ થયાંની ઉજવણીના ભાગરૂપે તા. ૨૩–૧૧–૨૦૨૨ના રોજ, NJ ઇન્ડિયા ગ્રૂપના સહયોગથી સંચાલિત ઉધના કૉલેજ ક્રિકેટ પ્રીમિયર લીગ (UCCPL)ના ઉદ્‌ઘાટન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખશ્રી ભાણજીભાઈ પટેલ, મંત્રીશ્રી કાંતિલાલ પટેલ, ખજાનચીશ્રી અમૃતભાઈ પટેલ અને સહમંત્રીશ્રી નરેશભાઈ શાહ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈએ સૌનું સ્વાગત કર્યું અને ખેલાડીઓને રમતને સાચી ભાવના સાથે રમવા માટે પ્રોત્સાહિત કર્યા. NJ જૂથ (ઇવેન્ટ સ્પોન્સર) તરફથી શ્રી અંકુરભાઈ મારફતિયા અને શ્રી જનકભાઈ પટેલે આ કાર્યક્રમમાં હાજર રહી UCCPLને ખૂલ્લું જાહેર કર્યું. કન્વીનર ડૉ. પરીક્ષિત ઇચ્છાપોરિયાએ આ કાર્યક્રમની રૂપરેખા સમજાવી હતી. પ્રો. ફૈઝલ પટેલે રમતના નિયમો સમજાવ્યા. આ પ્રસંગે તમામ ટીમો અને સ્ટાફના સભ્યો હાજર રહ્યા હતા. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ UCCPL માટે નોંધણી કરાવી હતી.

## કાવ્ય લેખન સ્પર્ધા

ઉધના કૉલેજમાં સર્જનાત્મક અભિવ્યકિત ધારા અંતર્ગત 'કાવ્ય લેખન' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં રસપૂર્વક ભાગ લઈ સુંદર કવિતાઓનું સર્જન કર્યું હતું. આ સ્પર્ધામાં તુલસી ઝા (T.Y.B.Com)ને પ્રથમ, અવનશીખા મિશ્રા (SYBBA)ને દ્વિતીય અને નિતેશ મિશ્રા (FYBBA)ને તૃતીય ક્રમ પ્રાપ્ત થયો હતો. ધારાના સભ્યોએ કૉલેજ આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઈઝી તેક્કનાલ, ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડિયાળીનો પ્રેરણા અને સમર્થન બદલ આભાર વ્યકત કર્યો હતો. સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ. શિવમ શાહએ સેવા આપી હતી.



## IT કવિઝ

ઉધના કૉલેજમાં ટેક આર્મી કલબ BCA પ્રોગ્રામ હેઠળ FYBCAના વિદ્યાર્થીઓ માટે IT કવિઝ સ્પર્ધા IN IT to WIN IT નું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો જેમાં ચાંગાવાલા સ્મિત (FYBCA) વિજેતા અને. પટેલ નિતય (SYBCA) ઉપવિજેતા જાહેર થયા હતા. આ સ્પર્ધાનું સફળ આયોજન પ્રાધ્યાપક પ્રો. ચિરાગ પટેલ અને પ્રો. વિશાલ નાયક દ્વારા આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઈઝી તેક્કનાલ, ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડિયાલીનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.





## યુનિવર્સિટી ગ્રંથાલય

### Footfall : Dt. 1-11-2022 to 30-11-2022

| Detail | Description | Nov.-2022 | |
|---|---|---|---|
| User | Visitors | 3406 | |
| | Internet Lab User | 86 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 1 | |
| | UG/PG Students | 111 | |
| | Research Scholars | 4 | |
| | Non Teaching Staff | 0 | |
| | Online User | 801 | |
| | Visitors | 31 | |
| | Total | | 4440 |

SourSce: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| November-2022 | 623 | 564 |

Sourșce: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર : ખરાઈ પ્રમાણપત્ર (તા. ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | November-2022 | 23 |

Sourșce : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | November-2022 | 23 |

Sourșce: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | November-2022 | 18 |

Sourșce: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. R. C. Gadhvi**
Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in